dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 263 | AD - 2026, Jeth Sud -15 | Monday, Dt. 29-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### વડાપ્રધાને 'મન કી બાત' ૧૩૫ એપિસોડ દ્વારા ૧૪૦ કરોડ દેશવાસીઓ સાથે સંવાદ સાધ્યો

## સામૂહિક પ્રયાસોથી દેશ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે : મોદી

નવી દિલ્હી, તા.૨૮


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૩૫મા એપિસોડ દ્વારા દેશ-વિદેશના ભારતીયો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું કે ભારતની પ્રગતિ એ ૧.૪ અબજ નાગરિકોની મહેનત અને સામૂહિક પ્રયાસોનું પરિણામ છે, જે દેશને આત્મનિર્ભરતા તરફ વેગ આપી રહ્યા છે.

પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વૈશ્વિક સફળતા અને અમદાવાદમાં યોજાયેલી 'વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ'માં ભારતે ૧૦૨ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૧૪ મેડલ જીતી પ્રથમ સ્થાન મેળવ્યાનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે મહારાષ્ટ્રના નાંદેડના પેઠકર પરિવારની પ્રશંસા કરી હતી, જેમણે લગ્ન પ્રસંગે આખા ગામના ૩,૫૦૦ લોકો માટે રૂ.૧-૧ લાખના અકસ્માત વીમાની અનોખી ભેટ આપી



સામાજિક સુરક્ષાનું પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પર્યાવરણ ક્ષેત્રે તેમણે આસામના જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવી બર્મન અને તેમની 'હરગીલા આર્મી'ના ભગીરથ પ્રયાસોને બિરદાવ્યા હતા, જેમણે લુપ્ત થતા 'હરગીલા' પક્ષીના સંરક્ષણ માટે ગ્રામીણ મહિલાઓમાં જાગૃતિ લાવી અંધશ્રધ્ધા દૂર કરી છે. રમતગમતમાં નાગાલેન્ડની 'બેબી લીગ' અને 'મહિલા ફૂટસલ લીગ' જેવી પાયાની પહેલોની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે તે દીકરીઓ માટે ઉત્તમ પ્લેટફોર્મ છે. અંતમાં, તેમણે વિદેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કરનારા 'બ્રહ્મકમલ ડોમિનિકાના'ના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.



## રામ મંદિર દાન ચોરીમાં એસઆઈટી તપાસમાં ૪૦ લોકાની બેદરકારી સામે આવી

અયોધ્યા,તા.૨૮

અયોધ્યાના રામ મંદિરમાં કરોડો રૂપિયાની ચોરીના કેસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ મોટો ખુલાસો કર્યો છે. એસઆઈટીની પ્રારંભિક તપાસમાં કંટ્રોલ રૂમ ઈન્ચાર્જ, સુરક્ષા ગાર્ડ, પોલીસ અને પીએસી કર્મચારીઓ સહિત આશરે ૪૦ લોકોની ભૂમિકા બેદરકાર અને શંકાસ્પદ જણાઈ છે. આ તમામ



સામે એફઆઈઆર અને કડક વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, ઉચ્ચ સુરક્ષા ક્ષેત્રમાં આ ચોરી વહીવટી તંત્રની ગંભીર નિષ્ફળતા દર્શાવે છે. આ કૌભાંડમાં રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને અનિલ મિશ્રા સહિતના વરિષ્ઠ અધિકારીઓને હજુ સુધી ક્લીન ચીટ મળી નથી. એસઆઈટીએ મંદિરના સુરક્ષા માળખામાં આમૂલ ફેરફારો કરવા અને સ્ટાફની તાત્કાલિક બદલી કરવાની ભલામણ કરી છે.






## શ્રી અનંત અંબાણીએ તિરુમલામાં કેશ સમર્પણ કર્યું, સુપ્રભાત સેવામાં ભાગ લીધો





### અનંત અંબાણીએ રવિવારે વહેલી સવારે તિરુમલામાં ભગવાન શ્રી વેંકટેશ્વરના પવિત્ર ધામમાં દર્શન કરી પ્રાર્થના કરી

તિરુમલા,તા.૨૮

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી અનંત અંબાણીએ રવિવારે વહેલી સવારે તિરુમલામાં ભગવાન શ્રી વેંકટેશ્વરના પવિત્ર ધામમાં દર્શન કરી પ્રાર્થના કરી અને પોતાની અતૂટ શ્રધ્ધા અને ભક્તિનો પુનઃ પ્રત્યય આપ્યો.

શ્રી અનંત અંબાણી રાત્રે આશરે ૧ વાગ્યે તિરુમલા પહોંચ્યા હતા અને તેમણે ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી પ્રત્યે સમર્પણ અને ભક્તિના પ્રતિકરૂપે પોતાની કેશ સમર્પિત કરવાની સદીઓ જૂની પરંપરાનું પાલન કર્યું. દર વર્ષે લાખો શ્રધ્ધાળુઓ આ પવિત્ર પરંપરાનું અનુસરણ કરે છે.


તેમની આ મુલાકાત એ વાતનો સંદેશ આપે છે કે દુનિયા ભલે કેટલી પણ બદલાય, પરંતુ શ્રધ્ધા અને પોતાના મૂળ સંસ્કારો હંમેશા અડગ રહે છે. આશરે સવારે ૩:૩૦ વાગ્યે શ્રી અનંત અંબાણીએ પવિત્ર સુપ્રભાત સેવામાં ભાગ લીધો, જે ભગવાનના પ્રાતઃકાળીન જાગરણનો વિધિપૂર્વકનો ધાર્મિક કાર્યક્રમ છે. દર્શન બાદ મંદિરના વૈદિક પંડિતોએ તેમને વૈદિક આશીર્વાદ આપ્યા, જ્યારે તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ના એક્ઝિક્યુટિવ ઓફિસરે તેમને પવિત્ર સ્મૃતિચિહ્ન અને પ્રસાદ અર્પણ કર્યો.





સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
સોમવાર, તા.૨૯-૦૬-૨૦૨૬

## સાવરકુંડલા પંથકમાં બપોર બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: પીપરડીની સ્થાનિક નદીમાં પૂર



સાવરકુંડલા,તા.૨૮

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં રવિવારે બપોર પછી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. તાલુકાના સેવાડા, હિપાવડલી, પીપરડી, ધાર, મોટા ભમોદરા, લીખાળા, કાત્રોડી, ખડસલી, વીજપડી અને પિયાવા સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો હતો. આ વરસાદને પગલે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી.ખાસ કરીને પીપરડી ગામમાં ધોધમાર વરસાદ પડવાને કારણે સ્થાનિક નદીમાં પાણીની ભારે આવક થઈ હતી, જેના લીધે નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. નદીમાં નવા નીરના આગમનથી ગ્રામજનોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા ઘણા સમયથી અસહ્ય ગરમી વચ્ચે વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. સાવરકુંડલા તાલુકામાં ચોમાસું સક્રિય થતાં આગામી દિવસોમાં પણ સારા વરસાદની આશા સેવાઈ રહી છે.

## અમરેલીના વાંકિયા ગામના રહેણાંક વિસ્તારમાં ઘૂસેલો દીપડો પાંજરે પૂરાયો



અમરેલી,તા.૨૮

અમરેલીના વાંકિયા ગામમાં રહેણાંક વિસ્તાર સુધી ધસી આવેલા એક દીપડાને કારણે સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. ગામના રહેણાંક મકાનમાં પાડાનું મારણ કર્યા બાદ દીપડો એક ખાલી પી.એચ. સી. (PHC) ક્વાર્ટરમાં ઘૂસી ગયો હતો, જેને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સ્થળ પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ વેટરનરી ડોક્ટર દ્વારા ગનથી દીપડાને ટ્રાન્કવીલાઈઝ (બેભાન) કરી સફળતાપૂર્વક પાંજરે પૂરવામાં આવ્યો હતો. પકડાયેલા દીપડાને વધુ તપાસ અને નિરીક્ષણ અર્થે ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી આપવામાં આવ્યો છે. આ ઘટના બાદ વન વિભાગ દ્વારા વાંકિયા ગામે એક ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લોકોને રાત્રિ દરમિયાન સાવચેત રહેવા માટે ખાસ અપીલ કરવામાં આવી હતી.

## રાષ્ટ્રીય રસાખેંચ સ્પર્ધામાં સાવરકુંડલાના બે ખેલાડીઓએ બ્રોન્ઝ મેડલ જીત્યા



સાવરકુંડલા,તા.૨૮

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની રસાખેંચ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા સાવરકુંડલાના મંજૂર ચૌહાણ અને અહમદ ભટ્ટીએ 'કેચ વેઈટ' કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ખેલાડીઓની આ સિધ્ધિ બદલ કોચ સાહિલ પઠાણ, યુનુસભાઈ ખોખર અને મેદાનની સુવિધા આપનાર ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાના સહયોગને બિરદાવી સાવરકુંડલાના નગરજનોએ ખેલાડીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી છે.

**સ્થાનિક નેતાઓ પાસે નક્કર રજૂઆતની અપેક્ષા**

## દામનગરને એસ.ટી. બસો અને રેલવે સ્ટોપેજ માટે જનતાની ઉગ્ર માંગ

દામનગર,તા.૨૮

અમરેલી જિલ્લાનું દામનગર શહેર અને તેની આસપાસનો ગ્રામ્ય વિસ્તાર આજે પણ પરિવહનની પૂરતી સુવિધાઓથી વંચિત હોવાને કારણે સ્થાનિક જનતામાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત સરકાર જ્યારે ડિજિટલાઈઝેશન અને આધુનિક માળખાકીય સુવિધાઓ દ્વારા 'વિકાસની હરણફાળ' ભરી રહી છે, ત્યારે દામનગરને લાંબા અંતરની એસ.ટી. બસો ફાળવવામાં આવી નથી. આ ઉપરાંત, રેલવે તંત્ર દ્વારા મહત્વપૂર્ણ એવી 'મહુવા-બાંદ્રા' ટ્રેનનો સ્ટોપેજ પણ અહીં આપવામાં આવ્યો નથી.

આ વિસ્તારના જાગૃત નાગરિકોની તીવ્ર માંગ છે કે સ્થાનિક નગરપાલિકા અને અન્ય સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માત્ર અખબારી પ્રસિધ્ધિ મેળવવાને બદલે માનવીય અભિગમ અપનાવે. તંત્ર સામે આક્રમક અને અસરકારક રજૂઆત કરી ટ્રેન-બસના નક્કર આયોજનનો લાભ જનતાને અપાવે, તે જ સાચા અર્થમાં લોકસેવા ગણાશે.

## રાજુલા તાલુકાના ધુડીયા આગરિયા ગામે પતિએ પત્નીને ગાળો બોલી માર માર્યો

**શરીરે ઢીકાપાટુનો માર મારી મુંઢ ઇજાઓ કરી**

રાજુલા, તા.૨૮

રાજુલાના ધુડીયા આગરિયા ગામે પતિએ પત્નીને ગાળો બોલીને ઝાપટ મારી હતી. બનાવ સંદર્ભે કૈલાસબેન ધનાભાઈ સોલંકી (ઉ.વ.૨૧) એ પતિ ધનાભાઈ આણંદભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિએ તેના ચારીત્ર્ય બાબતે શંકા-કુશંકા કરી ભુંડાબોલી ગાળો આપી હતી. તેમજ જમણા પગના ઘૂંટણ નીચે ધોકાનો ઘા મારી ઈજા કરી મોઢા ઉપર જાપટો મારી અને શરીરે ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ કરી હતી. ઉપરાંત શારીરીક તથા માનસિક ત્રાસ આપ્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ રાણાભાઈ કે વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

## ખાંભાના ચતુરી ગામે સિંહના હુમલામાં મૃત બાળકના પરિવારની કોંગ્રેસ પ્રતિનિધિમંડળે મુલાકાત લીધી



અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ચતુરી ગામે સિંહના હુમલામાં માસૂમ બાળક જીયાનના કરુણ મોત બાદ વનમંત્રી અર્જુન મોઢવાડિયાની મુલાકાત પછી કોંગ્રેસનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ ઘટનાસ્થળે પહોંચ્યું હતું. અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત અને પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ સહિતના સ્થાનિક નેતાઓએ મૃતક બાળકના શોકગ્રસ્ત પરિવાર સાથે મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી.

આ મુલાકાત દરમિયાન પ્રતાપ દુધાતે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જિલ્લામાં સિંહના હુમલાથી અત્યાર સુધીમાં ૪ લોકોના મોત થયા છે. તેમણે સરકાર પાસે તાત્કાલિક ધોરણે પીડિત પરિવારને રૂ.૨ કરોડનું વળતર ચૂકવવાની માંગ કરી છે. આ સાથે જ રેવન્યુ (માનવ વસાહત) વિસ્તારમાંથી સિંહ અને દીપડા જેવા હિંસક વન્યજીવોને પકડીને જંગલમાં પૂરવા, જંગલ ફરતે બજેટ ફાળવીને તાર ફેન્સિંગ (કોર્ડન) કરવાની મજબૂત માંગણી કરી છે.

## અમરેલીમાં લાયન્સ ક્લબ રોયલ અને આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો બુથનું સફળ આયોજન




અમરેલી,તા.૨૮

બાળકોને પોલિયો મુક્ત કરવાના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત, લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ અને અર્બન આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે અમરેલીમાં પોલિયો બુથનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય ટીમ અને ક્લબના સભ્યોના અથાગ પ્રયત્નોથી કુલ ૪૧૬ બાળકોને રસી આપવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ વિજય વસાણી,પ્રમુખ રાકેશ નાકરાણી, સેક્રેટરી રાજેશ ગઢિયા અને ડૉ. સૌમિલ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. અમરેલીની જનતાએ આ સંયુક્ત કામગીરીને બિરદાવી હતી, જ્યારે ક્લબના પ્રમુખે આગામી સમયમાં પણ આવી સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.










### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૯૮/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી જેરામભાઈ રાણાભાઈ મકવાણા
સરનામું :- મુ.છતડીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - છતડીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના છતડીયા મુકામે ના શ્રી જેરામભાઈ રાણાભાઈ પરમાર એ તેમની પુત્ર શ્રી દિપકભાઈ જેરામભાઈ મકવાણાનો જન્મ તા.૧૫/૦૬/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના છતડીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૨૬/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી મહેશભાઈ લાખાભાઈ ગુજરીયા
સરનામું :- મુ.પટવા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - પટવા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના પટવા મુકામે ના શ્રી મહેશભાઈ લાખાભાઈ ગુજરીયા તેમના પુત્રી નામે શ્રી સુમીતાબેન મહેશભાઈ ગુજરિયાનો જન્મ તા.૨૧/૦૪/૨૦૦૪ ના રોજ રાજુલા તાલુકાના પટવા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ.બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૫૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી વિક્રમભાઈ સોંડાભાઈ ગુજરીયા
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી વિક્રમભાઈ સોંડાભાઈ ગુજરીયા એ તેમના પુત્ર નામે મહેશભાઈ વિક્રમભાઈ ગુજરીયાનો જન્મ તા.૦૩/૦૪/૨૦૨૧ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૫૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગુજરીયા ધનજીભાઈ વાઘાભાઈ
સરનામું :- મુ.પટવા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - પટવા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના પટવા મુકામે ના શ્રી ગુજરીયા ધનજીભાઈ વાઘાભાઈ તેમના પુત્રી નામે શ્રી ગુજરીયા જાગૃતિબેન ધનજીભાઈ નો જન્મ તા.૧૧/૦૧/૨૦૦૯ ના રોજ રાજુલા તાલુકાના પટવા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# જિલ્લાના ૨૦ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં "અમરેલી સુરક્ષા કવચ" એપ્લિકેશન અંગે સેમીનાર યોજાયો

અમરેલી,તા.૨૮



અમરેલી જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તથા અને અન્ય જિલ્લા/બહારના રાજયમાંથી આવતા મજૂરો/કારિગરોની માહિતી વ્યવસ્થિત રીતે ઉપલબ્ધ રહે તે હેતુસર "અમરેલી સુરક્ષા કવચ"નામની ડિજિટલ એપ્લિકેશન અમલમાં મૂકવામાં આવી છે. આ એપ્લિકેશનનો મુખ્ય હેતુ અન્ય જિલ્લા/બહારના રાજયમાંથી કામ કરવા આવતા મજૂરો/કારીગરોની નોંધણી અને માહિતી ડિજિટલી સંકલિત કરવાનો છે. જેથી, સંભવિત ગુનાઓને અટકાવવામાં તેમજ કોઈ ગુનાહિત ઘટના બને તો ઝડપી તપાસમાં સહાય પ્રાપ્ત થાય. આ એપ્લિકેશન અંગે તા.૨૭-૦૬-૨૦૨૬ ના રોજ અમરેલી શહેર પો.સ્ટે.ના સંકુલ ચોકડી, અમરેલી રૂરલ પો. સ્ટે.ના નાના ભંડારીયા, લાઠી પો. સ્ટે.ના મતીરાળા, લીલીયા પો. સ્ટે.ના એકલેરા, દામનગર પો. સ્ટે.ના આંબરડી, બાબરા પો. સ્ટે.ના ખાખરીયા, બગસરા પો. સ્ટે.ના શાપર, વડીયા પો.સ્ટે.ના તોરી, સાવરકુંડલા ટા.પો.સ્ટે.ના શક્તિ એન્જીનિયરીંગ, સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ના બાઢડા, વંડા પો. સ્ટે.ના મોટા ભમોદ્રા, ચલાલા પો.સ્ટે.ના ધારગણી, ધારી પો. સ્ટે.ના ત્રંબકપુર, ખાંભા પો.સ્ટે.ના ઈંગોરાળા, રાજુલા પો.સ્ટે.ના વાવડી અને ખાખબાઈ, પીપાવાવ પો. સ્ટે.ના કોવાયા, નાગેશ્રી પો.સ્ટે.ના કોળી કંથારીયા, જાફરાબાદ ટા.પો. સ્ટે.ના વઢેરા, જાફરાબાદ મરીન પો.સ્ટે.નાં જાફરાબાદ સામાકાંઠા, ડુંગર પો.સ્ટે.નાં દાતરડી ગામે બે હજાર જેટલા મજૂર/કારીગરોને માર્ગદર્શન આપવમાં આવ્યું તથા સ્થળ પર જ એપ્લીકેશનમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીએ દ્વારા ચલાલા પો.સ્ટે.ના ધારગણી ગામે રાજકીય આગેવાનો, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ એસોશિએશનનાં હોદેદારો, નાગરીકો, તથા મજૂર/કારીગરો સાથે"અમરેલી સુરક્ષા કવચ" એપ્લીકેશન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

# વરસાદની ખેંચથી પાક બચાવવા 'સૌની યોજના'નું પાણી છોડવા રાજુલા માર્કેટ યાર્ડના ચેરમેનની રજૂઆત

**ચોમાસામાં વરસાદ ન ખેંચાતા ખેડૂતોના વાવેતરને બચાવવા ફેસ-૨ હેઠળના ડેમો, ચેકડેમો, તળાવો અને નદીઓ પાણીથી ભરવા પાણી પુરવઠા મંત્રીને પત્ર**

રાજુલા,તા.૨૮

છેલ્લા ઘણા દિવસોથી વરસાદ ખેંચાવાને કારણે ચોમાસાના પાકને પાણીની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. ખેડૂતોનો આ કિંમતી પાક સુકાતો બચાવી શકાય તે માટે રાજુલા માર્કેટ યાર્ડના ચેરમેન અને રાજુલા ખાંભા સંઘના ડિરેક્ટર રાજેશભાઈ આર. પરસાણા દ્વારા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે, જેની નકલ સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને પણ મોકલાઈ છે.આ પત્રમાં વિનંતી કરાઈ છે કે 'સૌની યોજના ફેસ-૨' હેઠળ લીંક-૨ પેકેજમાં આવતા ખાલી ડેમો, ચેકડેમો, તળાવો અને નદીઓના નિર્ધારિત પોઈન્ટ્સ પર વહેલી તકે પાણી છોડવામાં આવે. જો આ જળાશયો ભરીને તેની નહેરના વિસ્તારોમાં પાણી આપવાની તાકીદે વ્યવસ્થા કરવામાં આવે, તો ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તેમ છે અને તેમનો ખેતી પાક સંપૂર્ણપણે બચી શકે તેમ છે.

# બગસરામાં બસ સ્ટેશન ખાતે આરોગ્ય શાખા દ્વારા રસીકરણ કરાયું

બગસરા,તા.૨૮



બગસરામાં આજે આરોગ્ય શાખા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારમાં પોલિયો રસીકરણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય શાખાની ટીમ દ્વારા બસ સ્ટેશનમાં આવતા તમામ નાના નાના ભૂલકાઓને રસીના ટીપા પીવડાવીને બાળકોને પોલિયો મુક્ત રાખવા જહેમત ઉઠાવી હતી. દેશભરમાં પોલિયોની નાબૂદી માટે સરકારની ગઈડલાઈન મુજબ કોઈપણ બાળક પોલિયોનો શિકાર ન બને તે માટે શહેરભરમાં પોલિયોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

# બગસરામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપના દિવસની ઉજવણી

બગસરા,તા.૨૮


તસવીર : હાર્દીક બામટા

બગસરામાં ગત ૨૪ જુનના રોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા રાષ્ટ્રીય બજરંગ દળની ટીમ દ્વારા શહેરના ગરીબ વિસ્તારોમાં બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ટીમમાં હિતેશભાઈ જોશી, કનુભાઈ વ્યાસ, છગનભાઈ ઠાકર, ભુપતભાઈ રંગપરા, પરેશભાઈ છત્રોલા, અંકિતભાઈ ઠાકર અને જયંતીભાઈ કાપડિયા સહિતના કાર્યકરોએ આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો. સમગ્ર ટીમે શહેરના સુપ્રસિધ્ધ મંદિર રત્નેશ્વર મહાદેવ મંદિરે સાંજની આરતીનો લાભ પણ લીધો હતો.

# જાફરાબાદમાં પોલીસ દ્વારા માછીમારોને અમરેલી સુરક્ષા કવચ એપ્લિકેશનની માહિતી અપાઈ

જાફરાબાદ,તા.૨૮



જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારના સામાકાંઠાના લાલબત્તી વિસ્તારમાં ખાતે પોલીસ દ્વારા અમરેલી સુરક્ષા કવચ(ASK) એપ્લિકેશન વિશે સેમિનાર યોજવામાં આવેલ હતો. જેમાં બોટમાલિકો, ખલાસીઓ અને તાલુકા પંચાયતના સદસ્ય હાજર રહ્યા હતા. તેમને ASK એપ્લિકેશન વિશે વિસ્તૃત સમજ આપવામાં આવેલ હતી.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

સાવરકુંડલા, તા.૨૮



સાવરકુંડલા ના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે આજે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવેલ. તેમના હસ્તે ગુરુકુળના ધોરણ બાલવાટિકા, ધોરણ.૧ તથા ધોરણ ૯અને ૧૧વિદ્યાર્થીઓનો પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ધોરણ. ૫ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને અ. નિ. હરિહર સ્વામીજીની સ્મૃતિમાં ૫ ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવેલ. આ ઉપરાંત ધોરણ. ૧૧ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના જે વિદ્યાર્થીઓએ A૧ અને A૨ ગ્રેડ મેળવેલ છે તેમને વિશેષ પ્રોત્સાહન ભેટ તથા સર્ટીફીકેટ આપવામાં આવેલ. સંસ્થાના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીએ ખાસ અમેરિકાથી નવા વિદ્યાર્થીઓને શુભ કામનાઓ પાઠવી હતી. આ તકે સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ નયનાબેન કાપડિયા, શહેર ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, જીવનભાઈ વેકરીયા, પ્રવિણભાઈ સાવજ, પૂર્વ પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, કનુભાઈ ગેડીયા વિગેરે મહેમાનોનું સ્વાગત ભગવતપ્રસાદ દાસજી સ્વામી અને મેનેજીંગ ટ્રસ્ટી કોઠારી અક્ષરમુક્ત દાસજી સ્વામી વગેરે દ્વારા કરવામાં આવેલ.









## નામ બદલાવેલ છે

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ મયુરકુમાર ચંદ્રકાંત પોપટ હતું જે તેમાંથી બદલાવી નવું નામ મયુરકુમાર ચંદ્રકાંતભાઈ પોપટ રાખેલ છે. હવેથી હું મયુરકુમાર ચંદ્રકાંતભાઈ પોપટ રાખેલ છે નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.

મયુરકુમાર ચંદ્રકાંતભાઈ પોપટ
નીલકંઠ સોસાયટી મહુવા રોડ સાવરકુંડલા
જી અમરેલી - ૩૬૪૫૧૫






## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૫૭/૨૦૨૬ | તા.૧૫/૦૫/૨૦૨૬

શ્રી રસીલાબેન વલ્લભભાઈ સતાસીયા વા.ઓ. મધુભાઈ કરમશીભાઈ ઝાલાવાડીયા
રહે. મોણપરી મોટી, તા. વિસાવદર, જી. જુનાગઢ
........અરજદાર

-::વિરૂધ્ધ::-
જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
દાદર, તા.વિસાવદર
........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રસીલાબેન વલ્લભભાઈ સતાસીયા વા.ઓ. મધુભાઈ કરમશીભાઈ ઝાલાવાડીયા રહે. મોણપરી મોટી, તા. વિસાવદર, જી. જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ વિસાવદર તાલુકાના દાદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, દાદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, દાદર, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૫ મે ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(એ.એ. મુલચંદાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર (ઈન્ચાર્જ)






## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૯૫/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી હિગોરા લતિફભાઈ અબ્દુલભાઈ
સરનામું :- મુ.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી હિગોરા લતિફભાઈ અબ્દુલભાઈ એ તેમના મોટા ભાઈ ના પુત્ર નામે શ્રી મો ફારૂકભાઈ ઈસાભાઈ હિંગોરા નો જન્મ તા.૧૮/૦૩/૧૯૬૦ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૦૯/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૫૫/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગોબરભાઈ ભગવાનભાઈ મકવાણા
સરનામું :- મુ.કુંડલીયાળા, તા.રાજુલા, જી.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કુંડલીયાળા,, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કુંડલીયાળા મુકામે ના શ્રી ગોબરભાઈ ભગવાનભાઈ મકવાણા એ તેમના પુત્રી નામે શ્રી સેજલ ગોબરભાઈ મકવાણાનો જન્મ તા.૦૫/૦૧/૨૦૦૮ ના રોજ રાજુલા તાલુકાના કુંડલીયાળા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૨૭/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગાહા શેનબાઈ ઈસાકભાઈ
સરનામું :- મુ.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી ગાહા શેનબાઈ ઈસાકભાઈ તેમના પુત્ર નામે શ્રી ગાહા દાઉદભાઈ ઈસાકભાઈનો જન્મ તા.૨૮/૦૬/૧૯૬૯ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૦૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગાહા શેરમામદભાઈ અલારખભાઈ
સરનામું :- મુ.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી ગાહા શેરમામદભાઈ અલારખભાઈ એ તેમના પુત્ર નામે શ્રી ગાહા આસીફભાઈ શેરમામદભાઈ નો જન્મ તા.૧૦/૦૨/૧૯૯૨ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૦૯/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વિજય બાદ ચિતલ ખાતે યોજાયો 'આભાર દર્શન' કાર્યક્રમ

અમરેલી,તા.૨૮

તાજેતરમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ થતાં, અમરેલી જિલ્લા પંચાયતની ચિતલ બેઠક હેઠળ આવતા ૧૧ ગામોના મતદારોનો આભાર માનવા માટે ચિતલના દેસાઈ કોટેક્ષ ખાતે એક વિશેષ 'આભાર દર્શન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકશાહીના આ મહાપર્વમાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કરી પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરી જે વિશ્વાસ દર્શાવ્યો છે, તે બદલ આ કાર્યક્રમ યોજાયો હતો.







આ પ્રસંગે ગુજરાત રાજ્યના કાયદા અને ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ ચિતલ જિલ્લા અને તાલુકા પંચાયત બેઠકોના ઈન્ચાર્જ અને અગ્રણી ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈએ તમામ ૧૧ ગામોના મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મતદારોના આ અજોડ વિશ્વાસને વિસ્તારના સર્વાંગી વિકાસના સંકલ્પમાં પરિવર્તિત કરવાની મક્કમ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ,ગુરુકુલ સ્વામી મદનમોહન, દિનેશભાઈ ભુવા,લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી,નગરપાલિકા પ્રમુખ સંદીપભાઈ માંગરોળિયા,જિલ્લા પંચાયત સભ્ય વિલાસબેન દેસાઈ તથા તાલુકા પંચાયત સભ્ય કાજલબેન તેરૈયા,અરવિંદભાઈ કાકડીયા,સુખદેવ સિંહ સરવૈયા, પત્રકાર હર્ષદભાઈ ત્રિવેદી, રઘુવીરસિંહ સરવૈયા,મુકેશભાઈ ખોખરીયા, હિતેશભાઈ કલકાણી, અશોકભાઈ રામોલીયા, મહેશભાઈ ભાયાણી, જયેશભાઈ નાકરાણી,રમેશભાઈ માંગરોળીયા, મોતીભાઈ કાનાણી, ચેતનભાઈ ધાનાણી, ભરતભાઈ દેસાઈ, મનસુખભાઈ નાડોદા, રાજુભાઈ ધાનાણી, સંજયભાઈ વાળા, હસુભાઈ ધાનાણી, શંકરભાઈ પટેલ, મનસુખભાઈ માંગરોળીયા, લાલજીભાઈ માંગરોળીયા, ગણપતભાઈ સેંજલીયા, કાળુભાઈ વાળા, પ્રવિણભાઈ ડાભી, રવજીભાઈ મોજ, કેશુભાઈ ધાનાણી, સુરેશભાઈ કુંભાણી, પ્રવિણભાઈ તેરવાડીયા, સુરજભાઈ પરમાર, દેવેનભાઈ ધાંધલ, ભુપતભાઈ હપાણી, કૃષ્ણસિંહ સરવૈયા, નરૂભાઈ પંડયા, રણજીતભાઈ વાળા, ઝાલાભાઈ, અરવિંદભાઈ મેશીયા, રમેશભાઈ સોરઠીયા, ચંદુભાઈ બુંધેલીયા, વિઠ્ઠલભાઈ ગજેરા, રાજુભાઈ કાબરીયા, વિનુભાઈ દેસાઈ, નરેશભાઈ સાકરીયા, શાંતિભાઈ પાલડીયા, વિપુલભાઈ જોશી, ચંદુભાઈ પોલરા, એન. ડી. પરમાર, મુનાભાઈ મહાદેવ, ઘનશ્યામભાઈ માંગરોળીયા, જયેશભાઈ ભીમાણી, મુકેશભાઈ લીંબાશીયા, ધનજીભાઈ પાનેલીયા, શરદભાઈ લાખાણી,પ્રતિકભાઈ દાવડા, ઉપેન્દ્રભાઈ રાઠોડ,નીતીનભાઈ દેસાઈ, દિપાભાઈ લીંબાશીયા,નીતીનભાઈ દાવડા,રામભાઈ સાનેપરા સહિત ના આગેવાનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલા પોલીસે અપહરણ અને પોક્સો એક્ટના ગુનામાં નાસતો-ફરતો આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપ્યો

રાજુલા, તા.૨૮



રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટના ગંભીર ગુનામાં કાયદેસરની ધરપકડ ટાળવા નાસતા-ફરતા આરોપીને રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે બાતમીદારો અને ટેકનિકલ સોર્સની મદદથી અપહરણ તથા પોક્સોના ગુનામાં સંડોવાયેલા આરોપી ધર્મેશભાઈ દાનાભાઈ બારૈયા (રહે. દયાળ, તા. મહુવા) ને દબોચી લીધો હતો. પોલીસે આરોપી સાથે ભોગ બનનારને પણ શોધી કાઢી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અમરેલી જિલ્લાના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોની ટીમ જાહેર

અમરેલી,તા.૨૮



અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અમરેલી જિલ્લાના શૈક્ષિક મહાસંઘ ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક અને સરકારી માધ્યમિક સંવર્ગની ટીમની ઘોષણા કરવામાં આવી હતી. આ તકે મહાસંઘના પ્રાંત અધ્યક્ષ મિતેષભાઈ ભટ્ટ, મહામંત્રી પરેશભાઈ પટેલ, સંગઠન મંત્રી સરદારસિંહ મછાર, માધ્યમિક સંવર્ગના મહામંત્રી જીતેન્દ્રભાઈ ઠાકર,પ્રાથમિક સંવર્ગના સંગઠન મંત્રી હિતેશભાઈ ગોપાણી, ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના સંગઠન મંત્રી મૃગેન્દ્રસિંહ સોલંકી, ગુજરાત પ્રાંત મંત્રી ભાભલુભાઈ વરુ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક સંવર્ગ જિલ્લા ટીમમાં અધ્યક્ષ નિલેશભાઈ કોટડીયા, મહામંત્રી ઘનશ્યામભાઈ આખજા, સંગઠન મંત્રીઃસુરેશભાઈ રાજપરા, કોષાધ્યક્ષ હિરેનભાઈ પેથાણી અને સમગ્ર જિલ્લા ટીમની ઘોષણા કરેલ હતી. સરકારી માધ્યમિક સંવર્ગમાં અધ્યક્ષ ભરતભાઈ મેતરા મહામંત્રી જયેશભાઈ પરમાર સંગઠન મંત્રી અશ્વિનભાઈ ચાવડા, મહિલા મંત્રી દીપાબેન સોનેજી, કોષાધ્યક્ષ અનિરુધ્ધસિંહ પરમાર તેમજ જિલ્લા ટીમની ઘોષણા કરેલ હતી. પ્રાથમિક સંવર્ગમાં અમરેલી જિલ્લા મહામંત્રી તરીકે ભરતભાઈ બાવીસીની ઘોષણા કરવામાં આવી હતી.

**વિદેશ જવાની ઘેલછા ભારે પડી**

## વડિયાના લુણીધાર ગામના ખેડૂત સાથે વિદેશના છ મહિનામાં વિઝાના બહાને રૂ.૧૦ લાખની છેતરપિંડી

**આણંદના એજન્ટ સામે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ**

વડિયા, તા.૨૮

ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા જાણીતી છે. જેનો લાભ કેટલાક લેભાગુ એજન્ટો ઉઠાવતા હોય છે. વડિયાના લુણીધાર ગામના ખેડૂતને વિદેશના છ મહિનામાં જ વિઝા અપાવી દઈશ તેમ કહી વિશ્વાસમાં લઈને રૂ.૧૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે ચંદુભાઈ ધીરૂભાઈ હપાણી (ઉ.વ.૪૫) એ આણંદ જીલ્લાના સોજીત્રા તાલુકાના ઈસણાવ ગામના કિંજલભાઈ જનકભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને વિદેશ જવું હતું. જેથી આરોપીએ તેમને કહ્યું કે હું તમને વિદેશ જવા માટે છ મહિનામાં વિઝા કરાવી આપીશ તેવી લાલચ આપી અલગ અલગ બેન્કોના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવી રૂ.૩,૧૦,૦૦૦નો વિશ્વાસઘાત કર્યો હતો. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

## ખેતીની જમીન પર વીજપોલ ઊભા કરવા સામે વળતર આપવા બાબરાના ખેડૂતની મુખ્યમંત્રીને રજૂઆત

બાબરા,તા.૨૮

ખેતીની જમીન પર વીજપોલ ઊભા કરવાના વિરોધમાં આખા ગુજરાતમાં ચાલી રહેલા આંદોલનોનો ત્વરિત ઉકેલ લાવવા માટે બાબરા ગામના ખેડૂત શંભુભાઈ એમ. પાંચાણી દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે, 'ખેડૂત છે તો ખેતી છે અને ખેતી છે તો દેશ સુખી છે', તેથી સરકારે આ ગંભીર બાબતે યોગ્ય મંથન કરીને ખેડૂતોને પૂરતું વળતર આપવું જોઈએ.હાલ વાવણીની મોસમ શરૂ થઈ ગઈ હોવાથી ખેડૂતો દેવાના બોજમાંથી બહાર આવી શાંતિથી ખેતી કરી શકે અને પોતાનું ગુજરાન ચલાવી શકે તેવા હિતલક્ષી નિર્ણયો લેવા મુખ્યમંત્રીને નમ્ર અરજ કરાઈ છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરે અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે આ જટિલ સમસ્યાનું તાકીદે કાયમી નિવારણ લાવવા પત્ર દ્વારા ખાસ માંગ કરવામાં આવી છે.

## બગસરા ગામમાંથી ૪, અમરેલી શહેરમાંથી ૭ પત્તા પ્રેમી પકડાયા

અમરેલી, તા.૨૮

અમરેલી જીલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૧ પત્તા પ્રેમીને ઝડપી પાડ્યા હતા. બગસરામાંથી અજયભાઈ દેવરાજભાઈ મકવાણા, ઈઝાજભાઈ ફીરોજભાઈ કુંડલીયા, ભાવેશપરી ધીરૂપરી ગૌસ્વામી, રૂસ્તમશા ઈકબાલશા મોગલ તથા કિસનભાઈ ભીખુભાઈ ચંદુરા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપતીનો હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂ.૧૧,૩૦૦ સાથે ઝડપાયા હતા. અમરેલીમાં રોકડીયા પરા, કાળ ભૈરવદાદાના મંદિર પાસેથી જયસુખભાઈ ધીરૂભાઈ વાઘેલા,તુષારભાઈ ગૌરીદાસ હરીયાણી, અરુણભાઈ કિશોરભાઈ તલસાણીયા, ભાવેશભાઈ ભરતભાઈ સોલંકી, કલ્પેશભાઈ પ્રાગજીભાઈ વાળા, ભાવેશભાઈ પ્રાગજીભાઈ વાળા તથા સુરેશભાઈ ભરતભાઈ સોલંકી જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂા.૪૮૦૦ સાથે ઝડપાયા હતા. બંને સ્થળેથી મળીને કુલ ૧૬,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ કરીને ધોરણસરની કાર્યવાહી કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ પૂનમ
તા.૨૯-૦૬-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૧,
સૂર્યાસ્ત-૦૭:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વા અષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૨૯-૦૬-૨૦૨૬ સોમવાર**

મેષઃ આર્થિક મામલામાં આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. જો તમે રોકાણ કરવા માગતા હો તો આજનો દિવસ સારો રહેશે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે પ્રોત્સાહક છે. મોટા ભાઈ-બહેનોનો સહયોગ મળશે. તમે આજે સાહસ અને જોખમી કાર્યમાં પણ હાથ મિલાવી શકો છો.

મિથુનઃવિદ્યાર્થીઓએ ભણવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, મન ટેક્નિકલ ચીજો તરફ વધુ આગળ વધશે.

કર્કઃ કાર્યસ્થળમાં પરિસ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ માર્કેટિંગ અને વેચાણથી સંબંધિત લોકો પર લક્ષ્ય દબાણ રહેશે. ધંધામાં લાભ વધશે.

સિંહઃ આજનો દિવસ માનસિક ગૂંચવળવાળો દિવસ બની શકે છે. તમારે વિવિધ કાર્યો અને યોજનાઓમાં સામેલ થવું પડી શકે છે.

કન્યાઃ જો તમે કોઈ નવું કાર્ય અથવા યોજના શરૂ કરવાનું વિચારી રહ્યાં છો, તો આગળ વધો. આર્થિક મામલામાં દિવસ સામાન્ય રહેશે.

તુલાઃ દિવસની શરૂઆત રોમાંસથી થશે, પરંતુ વધારે પડતું ખાવાનું ટાળો. કાર્યક્ષેત્રમાં ભૂતકાળના અધૂરા કામ અને લક્ષ્ય પર દબાણ રહેશે.

વૃશ્ચિકઃ આજે ઉતાવળમાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ના લેશો, નુકસાન થઈ શકે છે. નાના કામ પણ આજે મુશ્કેલી આપશે.

ધનઃ આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયક રહેશે, તમારી મહેનત સફળતાનો આધાર બનશે, નસીબથી વધુ અપેક્ષા ના રાખો.

મકરઃ તમને ધર્મમાં રસ રહેશે. કોઈ જૂના મિત્ર અને સંબંધીનો સંપર્ક કરી શકો છો. સ્વાસ્થ્યની બાબતમાં તમારે જાગ્રત રહેવું પડશે.

કુંભઃ આજે તમારું રોકાયેલુ કામ ચાલશે, તમારા ભાઈ-બહેનો સાથે સહયોગ અને સંકલન રહેશે.

મીનઃ આજનો દિવસ સામાન્ય રહેશે. પારિવારિક જીવનનો આનંદ માણી શકશો, જીવનસાથીનો સહયોગ મળશે.

## રાજુલામાં વરસાદને લઈ ધજા-નાળીયેર અર્પણનો કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૨૮


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં વર્ષોથી ચાલી આવતી લોકઆસ્થા અને ધાર્મિક પરંપરા મુજબ શનિવારે સારા વરસાદની કામના તેમજ ખેડૂતોને ખેતીમાં કોઈ પ્રકારનું નુકસાન ન થાય તેવા શુભ આશય સાથે ધજા અને નાળિયેર અર્પણ કરવાનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. શહેરના ઘુઘરીયાળી મહાદેવ, સુખનાથ મહાદેવ, ભીડભંજન દાદા, ગાયત્રી માતાજી, કોટેશ્વર મહાદેવ સહિત વિવિધ દેવી-દેવતાઓ તેમજ પીર દાદાના પવિત્ર સ્થાનો પર ધજા અને નાળિયેર ચઢાવી પ્રાર્થના કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આહીર સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બાબા જાલંધરા, નાગજીભાઈ જીંજાળા, મગનભાઈ હડિયા, દિલીપભાઈ જીંજાળા, ધીરુભાઈ જીંજાળા, દિનેશભાઈ કાતરિયા, વિનુભાઈ કલસરિયા, શકુરભાઈ કાતરિયા, બચુભાઈ જીંજાળા, ભવનભાઈ વાણિયા અને છગનભાઈ બલદાણીયા સહિત અનેક આગેવાનોએ હાજરી આપી હતી. પરંપરા મુજબ યોજાયેલા આ ધાર્મિક આયોજનમાં ભાવિકોએ સારા ચોમાસા, સમૃધ્ધિ અને ખેડૂતોના કલ્યાણ માટે શ્રધ્ધાપૂર્વક પ્રાર્થના કરી હતી.

## ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામમાં નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો



ચલાલા,તા.૨૮

ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે નિઃશુલ્ક આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આંખ અને દાંત સંબંધિત વિવિધ તપાસ તેમજ સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આંખોના નિષ્ણાત ડૉ. રાઠોડે દર્દીઓની તપાસ કરી જરૂરિયાતમંદ લોકોને ચશ્માંનું વિતરણ કર્યુ હતું. દાંત વિભાગમાં ડૉ. ઈશાબેને દાંત ખેંચવા, ચાંદી પૂરવી, દાંતની સફાઈ, સિમેન્ટ ભરવા સહિત દાંતના વિવિધ રોગોની સારવાર કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાયત્રી ધામના વડા સંત ડૉ. રતિદાદાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૩૪/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી પોપટ ઉકાભાઈ સોમાતભાઈ
સરનામું :- મુ.ડોળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડોળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડોળીયા મુકામે ના શ્રી પોપટ ઉકાભાઈ સામાતભાઈ તેમના પિતા નામે સ્વ. સોમાતભાઈ સીદીભાઈ પોપટનું મરણ તા.૧૪/૧૨/૧૯૯૭ ના રોજ રાજુલા તાલુકાના ડોળીયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૪૫/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ઝીંઝાળા ડોસલભાઈ ખોડાભાઈ
સરનામું :- મુ.ડોળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડોળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ઝીંઝાળા ડોસલભાઈ ખોડાભાઈ એ તેમના પુત્રશ્રી નામે દિનેશભાઈ ડોસલભાઈ જીંજાળા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૦ ના રોજ રાજુલા તાલુકાના ડોળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૩૫/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી શિયાળ બુધાભાઈ ઉકાભાઈ
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી શિયાળ બુધાભાઈ ઉકાભાઈ એ તેમના પિતા નામે શ્રી ઉકાભાઈ મોહનભાઈ શિયાળનું મરણ તા.૧૦/૦૨/૨૦૦૬ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તંત્રી લેખ

# વરસાદનો બદલાતો મિજાજ

અનેક રાજ્યોમાં ચોમાસું સક્રિય થઈ ચૂક્યું છે બીજી બાજુ બીજા રાજ્યો એવા છે જ્યાં હજી વાદળા પણ બંધાયા નથી. ચોમાસાની આ નવી ચાલ, અર્થતંત્ર પર પ્રભાવ પાડે છે. બીજી બાજુ જે રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે ત્યાં વહીવટી તંત્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ને સક્રિય કરી રહ્યું છે. જે રાજ્યોમાં હજુ વરસાદના સંકેત નથી તે રાજ્યો માટે સરકાર થોભો અને રાહ જોવાની નીતિ અપનાવી રહી છે.

આજે સૌથી વધુ ધ્યાન ખેંચતો વિષય દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ગતિ છે.તેના કારણે ઊભી થયેલી પાણીની સ્થિતિ અનિશ્ચિત બને છે. અને તેની સીધી અસર દેશના અર્થતંત્ર પર છે. હવામાન વિભાગે અનેક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં હજુ પણ વરસાદની અનિયમિતતા ચિંતાજનક બની રહી છે. એક તરફ ગુજરાત, કેરળ, કર્ણાટક અને ઓડિશા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ છે, તો બીજી તરફ કેટલાક કૃષિપ્રધાન પ્રદેશોમાં વરસાદના વિલંબને કારણે વાવેતર અને પાક ઉત્પાદન અંગે અનિશ્ચિતતા યથાવત્ છે.

ભારતનું અર્થતંત્ર આજે પણ કૃષિ સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ચોમાસું માત્ર ખેડૂતો માટે જ નહીં પરંતુ મોંઘવારી, રોજગારી, ઔદ્યોગિક ઉત્પાદન, વીજ ઉત્પાદન અને સમગ્ર બજાર વ્યવસ્થાને અસર કરે છે. વરસાદ સમયસર અને સંતુલિત રહે તો ગ્રામ્ય અર્થવ્યવસ્થા મજબૂત બને છે, ગ્રાહકોની ખરીદશક્તિ વધે છે અને દેશના વિકાસદરને પણ બળ મળે છે. પરંતુ વરસાદમાં અનિશ્ચિતતા ઊભી થાય ત્યારે તેની અસર માત્ર ખેતરો પૂરતી મર્યાદિત રહેતી નથી; શહેરો, ઉદ્યોગો અને સામાન્ય નાગરિકોના જીવન સુધી તેની અસર પહોંચે છે.

આ વર્ષે સૌથી મોટો પડકાર એ છે કે વરસાદનું વિતરણ સમાન નથી. ક્યાંક અતિભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ ઊભી થાય છે, તો ક્યાંક લાંબા સમય સુધી વરસાદ ન પડતાં જળાશયો ખાલી રહે છે. આ પ્રકારની અસમાનતા દર્શાવે છે કે હવે માત્ર કુલ વરસાદના આંકડા પૂરતા નથી, પરંતુ વરસાદનું વિતરણ અને પાણીનું વૈજ્ઞાનિક સંચાલન વધુ મહત્વનું બની ગયું છે. હવામાન પરિવર્તનની અસર હવે સ્પષ્ટ રીતે અનુભવાઈ રહી છે અને તેની સામે પરંપરાગત વિચારસરણીથી કામ ચાલવાનું નથી.

આ સમગ્ર ઘટનાક્રમનો સૌથી મોટો પાઠ એ છે કે કુદરત સાથે સંતુલન જાળવ્યા વિના આર્થિક વિકાસ લાંબા ગાળે ટકી શકતો નથી. ચોમાસું ભારત માટે માત્ર ઋતુ નથી; તે દેશની આર્થિક ધમની છે. તેથી વરસાદને માત્ર આનંદ કે મુશ્કેલીના દૃષ્ટિકોણથી નહીં, પરંતુ રાષ્ટ્રીય આયોજન, સંસાધન સંરક્ષણ અને ભવિષ્યની સુરક્ષા સાથે જોડાયેલા વિષય તરીકે જોવાની જરૂર છે.

મજબૂત અર્થતંત્રનો પાયો માત્ર મોટા રોકાણો કે ઔદ્યોગિક વિકાસમાં નથી, પરંતુ પાણી, કૃષિ અને કુદરતી સંસાધનોના સમજદારીપૂર્વકના સંચાલનમાં પણ રહેલો છે. જો આજે યોગ્ય આયોજન કરવામાં આવશે તો આવતીકાલનું ભારત વધુ સમૃધ્ધ, વધુ સુરક્ષિત અને હવામાન પરિવર્તન સામે વધુ સક્ષમ બની શકશે.

# “આપણે છેલ્લા ૧૦૦૦ વર્ષના ઈતિહાસમાં સામાન્ય રીતે શસ્ત્રોના મામલે ઉદાસીન રહ્યા છે.” : સુદર્શનજી - (પુષ્પ : ૨૮)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘચાલક સુદર્શનજીએ વર્ષ- ૨૦૦૧ માં વિજયાદશમીના ઉત્સવના બૌધ્ધિકમાં કહ્યું હતું કે, જો આપણે છેલ્લા ૧૦૦૦ વર્ષના ઈતિહાસ પર નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે આપણે સામાન્ય રીતે શસ્ત્રોના મામલે ઉદાસીન રહ્યા છીએ. મહાભારતની તે ઘટનાની જેમ, જ્યારે દુર્યોધને હસ્તીનાપુરમાં એક પણ સજ્જન જોયો ન હતો અને યુધિષ્ઠિરે એક પણ દુષ્ટ માણસ જોયો ન હતો. આપણે પણ યુધિષ્ઠિરની જેમ માનીએ છીએ કે જો આપણે શાંતિપ્રિય હોઈશું તો બીજાઓ પણ શાંતિપ્રિય હશે. અને તેનો પુરાવો ત્યારે મળ્યો જ્યારે દેશ સ્વતંત્ર થયા પછી ભારતની ત્રણેય સેનાના વડાઓ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ પાસે ગયા અને તેમને આગામી ૧૦ વર્ષ માટે સૈન્યની જરૂરિયાત રજૂ કરી, ત્યાર બાદ મેજર જનરલ અજિતરુદ્રના નિવેદન મુજબ નહેરુજીએ કહ્યું-આપણને સેનાની શું જરૂર છે ? કારણ કે આપણે કોઈ પર હુમલો કરવાની જરૂર નથી. સેનાને વિખેરી નાખો. આપણે પોલીસની મદદથી આંતરિક વ્યવસ્થાનું સંચાલન કરીશું. આ સાંભળીને ત્રણેય સેનાપતિઓ સ્તબ્ધ થઈ ગયા.

કાશ્મીર પર પાકિસ્તાનના હુમલા પછી તરત જ સેના વિખેરાઈ જવાથી બચી ગઈ. પરંતુ તેને મજબૂત બનાવવા પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહીં. પરંતુ ૧૯૬૨ માં ચીની હુમલા સામે અપમાનજનક હારનો સામનો કરવો પડ્યો ત્યારે આ બેદરકારીની આપણને ભારે કિંમત ચૂકવવી પડી. પંડિત નહેરુના મુખમાંથી નિરાશાની આ અભિવ્યક્તિઓ નીકળી ગઈ My heart goes with the people of assam' એટલે કે મારું હૃદય આસામના લોકો માટે ઝંખે છે. આજે પણ આસામના લોકો તે ઘટના ભૂલી શક્યા નથી. એવું નથી કે પંડિત નેહરુના સમયમાં આવી ઘટના પહેલી વાર બની હોય આ આપણા રાષ્ટ્રીય સ્વભાવનો એક ભાગ રહ્યો છે.

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

આપણે રાષ્ટ્રભાવની જાગૃતિને પ્રાથમિકતા આપવાની ખાસ જરૂર છે. રાષ્ટ્રભાવનાની લાગણીઓથી ભરપૂર સમાજ અત્યંત આવશ્યક છે. રાષ્ટ્રભાવનાનો પાયો છે. માતૃભૂમિના દરેક કણ પ્રત્યેનો બિનશરતી પ્રેમ, તેમાં પુત્રની જેમ રહેતા સમાજ પ્રત્યેનો લગાવ, તે બધાને જોડતી સાંસ્કૃતિક કડીઓની મજબૂતાઈ તથા મહાન પુરુષો અને બહાદુરો જેમણે આ સંસ્કૃતિના પ્રચાર અને જાળવણી માટે તપસ્યા કરી અને પોતાના જીવનનું બલિદાન આપ્યું, તે બધા માટે પ્રખર શ્રધ્ધા. માતૃભૂમિના દરેક કણ પ્રત્યે આદરની ભાવના જાગૃત કરવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા. તેમણે હિમાચલના આ દેશને, માતૃભૂમિ, પિતૃભૂમિ અને ધાર્મિક ભૂમિ તરીકે જ નહીં પણ તેને કર્મભૂમિ પણ કહ્યું જે દુનિયામાં બીજે ક્યાંય બન્યું નથી.

સ્વામી વિવેકાનંદ આ શબ્દોમાં એ જ વાત કહે છે - જો પૃથ્વી પર કોઈ એવો દેશ છે જે ધન્ય પવિત્ર ભૂમિ કહેવાને લાયક છે, એવો દેશ જ્યાં વિશ્વના તમામ જીવોને તેમના કર્મોના ફળનો આનંદ માણવા

આવવું પડશે. એક એવો દેશ જ્યાં દરેક ઈશ્વરોન્મુખ આત્માએ પોતાના ધ્યેયને પૂર્ણ કરવા માટે અંતિમ મુકામ કરવો પડે છે, એક એવો દેશ જ્યાં માનવતાએ પ્રામાણિકતા, ઉદારતા, શુધ્ધતા અને શાંતિના શિખરને સ્પર્શ કર્યો છે અને આ બધાથી આગળ જે પણ દેશ આંતરદ્રષ્ટિ અને આધ્યાત્મિકતાનું ઘર હોય તે ભારત જ છે.”

માતૃભૂમિ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરવાની બે રીતો છે. એક ઔપચારિક છે જેમાં પૂજા, ફુલ, અર્પણ, આરતી અને સ્તુતિ પ્રાર્થના વગેરે કરવામાં આવે છે. લોકો હજુ પણ ધાર્મિક ભક્તિથી આ કરે છે. તેઓ દેશભરમાં તીર્થયાત્રાએ જાય છે. ધાર્મિક વિધિઓનું પાલન કરે છે, પ્રાર્થના કરે છે. ફૂલો ચઢાવે છે અને વિવિધ નદીઓમાં સ્નાન કરે છે. આ ભક્તિનું એક સ્વરૂપ છે પણ તે નિષ્ક્રિય ભક્તિ છે. આપણે હજારો વર્ષોથી આ બધું કરી રહ્યા છીએ છતાં આપણે લગભગ ૮૦૦ વર્ષ સુધી વિદેશી શાસન સહન કરવું પડયું. તેથી ભક્તિના સક્રિય સ્વરૂપને જાગૃત કરવાની જરૂર છે.

આપણી સાંસ્કૃતિક પરંપરાનો એક મૂળભૂત ભાગ પરિવારની સંસ્થા છે. આ સંસ્થાએ સરકારના સામાજિક સુરક્ષા ખર્ચનો મોટો હિસ્સો પોતાના હાથમાં લીધો છે. જ્યારે પશ્ચિમમાં સરકારોએ તે ખર્ચ પોતે ઉઠાવવો પડે છે. અમેરિકામાં રાષ્ટ્રીય આવકના ૨૯ %, ઈંગ્લેન્ડમાં ૪૮ %, ફ્રાન્સમાં ૪૯ %, જર્મનીમાં ૫૬ % અને સ્વીડનમાં ૬૫ % સામાજિક સુરક્ષા પાછળ ખર્ચવામાં આવે છે. આ અર્થમાં સામાજિક સુરક્ષા એ આપણી પાસે સૌથી ખાનગીકરણ કરાયેલી વ્યવસ્થા છે. વિવિધ સમુદાયો અને ગ્રામીણ જીવનની ગોઠવણીએ કાયદો અને વ્યવસ્થા પર સરકારના મોટા ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. આમ આ સામાજિક મૂડીનો ભારતીય અર્થતંત્રમાં મોટો ફાળો છે. જ્યારે પશ્ચિમમાં અતિશય વ્યક્તિવાદને કારણે, સરકારે આ સમગ્ર બોજ ઉઠાવવો પડે છે. પશ્ચિમી અર્થશાસ્ત્રીઓએ પણ આ સામાજિક મૂડી વિશે વાત કરવાનું શરૂ કર્યું છે. આજે પશ્ચિમમાં સૌથી મોટી ચર્ચા સામાજિક સુરક્ષાનું ખાનગીકરણ કેવી રીતે કરવું તે અંગે છે. પરંતુ એક પશ્ચિમી વિચારકે કહ્યું છે કે કાયદા દ્વારા સેના કે બેંક બનાવી શકાય છે. પરંતુ કાયદા દ્વારા સમાજ અને પરિવાર બનાવી શકાતા નથી. શું એ જરૂરી નથી કે અર્થતંત્રની ચર્ચામાં આપણા સમાજના આ ગુણાત્મક પાસાને ગંભીરતાથી ધ્યાનમાં લેવામાં આવે ? પરંતુ આ ત્યારે જ થશે જ્યારે આપણે પશ્ચિમનું આંધળું અનુકરણ કરવાના ફાંદામાંથી મુક્ત થઈશું.

આપણી ગુલામ માનસિકતા છોડીશું અને આત્મવિશ્વાસથી ભરપૂર થઈને આપણી સમસ્યાઓના ઉકેલ શોધવા માટે પોતાને રજૂ કરીશું. આપણે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કર્યા વિના આપણી પોતાની ઓળખના આધારે વિકાસ કરી શકીએ છીએ. આ માટે એવી વિનંતી કરવામાં આવી રહી છે કે દેશની નવી પેઢીને ભારતીય વિચાર પરંપરાનો પરિચય કરાવતું શિક્ષણ આપવામાં આવે. આ રીતે સુદર્શનજીએ રાષ્ટ્રભાવના અને સંયુક્ત કુટુંબની ભારતીય વિચારધારાને કેન્દ્રમાં રાખીને પોતાની વાત રજૂ કરી હતી.

# ખેડૂતના દુઃખને સમજનાર રાજવી : ગોંડલના મહારાજા ભગવતસિંહજી



સૌરાષ્ટ્ર કચ્છ અનેગુજરાતની ધરતી ઉપર ઘણા રાજા-મહારાજા થયા, પણ જે રાજવી પોતાના ખેડૂતો અને ગામડાંના માણસોના સુખ અને દુઃખ માં ભાગીદાર બન્યા હોય, તેમાં મહારાજા ભગવતસિંહજીનું નામ ખૂબ આદરથી લેવામાં આવે છે. લોકો આજે પણ કહે છે કે, “ગોંડલના ભગવતસિંહ બાપુ તો પ્રજાના રાજા હતા.”


તે જમાનામાં ટ્રેક્ટર ન હતા, ટેમ્પા ન હતા, રસ્તાઓ પણ આજ જેવા ન હતા. ખેડૂત માથા ઉપર નિરણ, ઘાસ, લાકડાંના ભારા કે અનાજના લઈને ગાવોના ગાવ સુધી ચાલીને જતો. ભગવતસિંહજીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે ગામડાંના રસ્તાઓ ઉપર વિસામા પથ્થર મૂકાવ્યા. બે પથ્થર ઊભા અને ઉપર એક પથ્થર આડો. ખેડૂત પોતાનો ભારો એના ઉપર મૂકે, થોડો આરામ કરે અને પછી ફરીથી માથે ચઢાવી આગળ વધે. આજે પણ ગોંડલ સ્ટેટના કેટલાક ગામોમાં આવા પથ્થરો તેમની યાદ અપાવે છે.

ભગવતસિંહબાપુએ માત્ર માણસની જ નહીં, પશુઓની પણ ચિંતા કરી. ગામડાંમાં પશુઓ માટે હવાડા અને પાણીના કુંડ બનાવડાવ્યા. ઉનાળાની ગરમીમાં ઢોર-ઢાંખર તરસ્યાં ન રહે, એ માટે ખાસ વ્યવસ્થા કરી.

તેમણે ગામડાંને જોડતા રસ્તાઓની બંને બાજુ હજારો વૃક્ષો વાવડાવ્યાં. ખેડૂત ખેતરેથી આવે કે મુસાફર દૂરથી ચાલતો આવે, તો રસ્તામાં થોડો છાંયો મળે. આજે પણ ઘણા વૃક્ષો જાણે ભગવતસિહજીબાપુની સેવા અને સંવેદનાની સાક્ષી આપે છે.

ખેડૂતને પાણી મળે તો ખેતી લીલીછમ બને. આ વાત સમજીને તેમણે કૂવાઓ, તળાવો અને પાણી સંગ્રહની ઘણી વ્યવસ્થાઓ ઊભી કરી. જ્યાં શક્ય હોય ત્યાં સિંચાઈની સુવિધા વધારી. તેના કારણે ઘણા ગામોમાં ખેતી સારી થવા લાગી અને ખેડૂતોની આવક વધી.

ઈ.સ. ૧૮૯૯ના ભયંકર છપ્પનિયા દુષ્કાળમાં આખો પ્રદેશ મુશ્કેલીમાં હતો. ઘણા લોકો પાસે ખાવાનું નહોતું, પશુઓ માટે ચારો નહોતો. ત્યારે ભગવતસિંહજીએ ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવવાની જગ્યાએ તેમને મદદ કરી, કરમાં રાહત આપી, અનાજ અને ચારા માટે સહાય કરી. આથી પ્રજાએ તેમને પોતાના વાલી તરીકે માન્યા.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

ગોંડલ રાજ્યના રસ્તાઓ આખા કાઠિયાવાડમાં વખાણાતા હતા. સારા રસ્તાઓના કારણે ખેડૂતો પોતાની ઉપજ ઝડપથી બજારમાં લઈ જઈ શકતા અને સારો ભાવ મેળવી શકતા. ઉપરાંત, ગોંડલ સ્ટેટ રેલવેના વિકાસથી વેપાર અને ખેતી બંનેને મોટો ફાયદો થયો.

ભગવતસિંહજી બાપુનું માનવું હતું કે ગામડું ભણશે તો જ રાજ્ય આગળ વધશે. તેથી તેમણે ગામડાંમાં શાળાઓ ખોલાવી, દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપ્યું અને આરોગ્યની સુવિધાઓ પણ ગામો સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો.


મહારાજા ભગવતસિંહજીની સૌથી મોટી ખાસિયત એ હતી કે તેઓ મહેલમાં બેસીને હુકમ કરનારા રાજા નહોતા. તેઓ ગામડાંમાં જતા, ખેડૂતોની વાત સાંભળતા અને તેમની તકલીફને પોતાની તકલીફ માનતા.

એટલે જ આજે પણ સૌરાષ્ટ્રના વડીલો કહે છે –

“રાજા તો ઘણા થયા, પણ ખેડૂતના માથાનો ભાર ઉતારનાર અને ગરીબના દુઃખને સમજનાર ભગવતસિંહજી બાપુ જેવા રાજવી બહુ ઓછા થયા.”

ખરેખર, ગોંડલના મહારાજા ભગવતસિંહજી માત્ર રાજવી નહોતા, પરંતુ ખેડૂતના હિતચિંતક, ગામડાંના વિકાસના પ્રણેતા અને પ્રજાના સાચા સેવક હતા. તેમના કાર્યો આજે પણ ગ્રામ વિકાસ અને લોકકલ્યાણ માટે પ્રેરણારૂપ છે. આજે પણ ગોંડલ સ્ટેટ દ્વારા બાંધવામાં આવેલો પુલો, શાળાઓ, કોલેજો, અને નમુના રૂપ બાંધકામો ગુણવત્તાની સાક્ષી પુરીને અડીખમ ઊભા છે.

# કાંટાળો નથી આપી શકતો એના ઘરે દસ્તક, જેના સાથી હોય શબ્દ, સાહિત્ય અને પુસ્તક...



“શબ્દો માત્ર અક્ષરો નથી, તેઓ વિચારના દીવા છે. પુસ્તકો માત્ર કાગળ નથી, તેઓ જીવનના માર્ગદર્શક છે. અને સાહિત્ય માત્ર વાંચવાની વસ્તુ નથી, તે મનુષ્યને મનુષ્ય બનાવવાની સાધના છે.”

“કંટાળો નથી આપી શકતો એના ઘરે દસ્તક, જેના સાથી હોય શબ્દ, સાહિત્ય અને પુસ્તક.” આ પંક્તિનો ભાવ એ છે કે જે વ્યક્તિએ શબ્દોને મિત્ર બનાવ્યા છે, પુસ્તકોને જીવનસાથી બનાવ્યા છે અને સાહિત્યને જીવનનો આધાર બનાવ્યો છે, તે વ્યક્તિ આંતરિક રીતે એટલી સમધ્ધ બની જાય છે કે દુનિયાની નકારાત્મકતા, અજ્ઞાનતા અને ખોટા પ્રભાવ તેના સુધી સહેલાઈથી પહોંચી શકતા નથી.સમૃધ્ધિ અને સંસ્કૃતિમાં ઘણો તફાવત છે.ક્યારેક બંને સાથે હોય છે ક્યારેક બન્ને સામસામે હોય છે.તેમ છતાં પણ સંપત્તિ કે સતાની સાથે જ્યાં જ્યા સાહિત્ય અને સંસ્કૃતિ જોડાયેલ હોય ત્યાં ચોક્કસ સહાનુભૂતિ અને સમભાવની હાજરી હોય છે.પુસ્તકો એટલે માત્ર બાઈન્ડિંગ કરેલા છાપેલા કાગળના પાનાંનો સંપુટ નહીં પણ આપણી સંસ્કૃતિ અને સંસ્કારની વિચારધારા નું વાવેતર જે માધ્યમથી થઈ રહ્યું હોય એવા ભજન,સત્સંગ,કથા,કીર્તન,વિચાર ગોષ્ઠિ,ચર્ચા,પરિસંવાદ કે સારા પુસ્તકોનું વાંચન એવા વીશાળ અર્થમાં અહીં વાત મુકેલી છે.

પુસ્તક વાંચનાર વ્યક્તિ એકલો હોવા છતાં ક્યારેય એકલો હોતો નથી.વાંચનથી એકલતા દૂર થાય છે અને એકાગ્રતા વધે છે.

દરેક પુસ્તકમાં એક નવો મિત્ર, એક નવો વિચાર અને એક નવો અનુભવ છુપાયેલો હોય છે. જે વ્યક્તિ રોજ થોડું



મનન ચિંતન
ભરત બાવીશી

વાંચે છે, તે રોજ થોડું વિકસે છે.આમ સારા પુસ્તકોનું પ્રત્યક્ષ વાંચન કે પરોક્ષ શ્રવણ બંને મન,હૃદયમાં સમતા,શાંતિ,સંતોષ આપનાર સાબિત થાય છે.અને એ જ મનુષ્યને એક સારો માણસ બનાવવાનું ઉત્તમ માધ્યમ છે.જેમ પાણીનું પરબ માણસની તરસ છીપાવે છે તેમ પુસ્તક પરબ માણસની વાંચન તરસને છીપાવે છે.કોઈ સારો પ્રસંગ,ઘટના કે સ્ટોરી માણસને જકડી રાખે છે.ક્યારેક ગમતું પુસ્તક એક બેઠકે સવાર સુધી વાંચી જનાર વ્યક્તિની આંખમાં ઉજાગરો દેખાતો નથી.સૌના રસ રુચિના

વિષય અલગ અલગ હોય છે પરંતુ અધ્યાત્મ,માનવ જીવન,પ્રેરક પ્રસંગો જેવા વિષયના પુસ્તકો વ્યક્તિના વર્તનમાં અમુલ પરિવર્તન લાવી શકે છે.

**એક પ્રેરક ઉદાહરણ**

એક ગામના બે મિત્રો બાળપણથી સાથે રહેતા હતા. એક મિત્ર નવરાશનો સમય મોબાઈલ અને ગપ્પાં મારવામાં પસાર કરતો હતો, જ્યારે બીજો મિત્ર દરરોજ એક કલાક પુસ્તક વાંચતો હતો.વર્ષો પછી પહેલો મિત્ર એ જ જગ્યાએ રહ્યો, જ્યારે બીજો મિત્ર જ્ઞાન, સમજ અને વ્યક્તિત્વના બળે સફળ અધિકારી બન્યો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, તમારી સફળતાનું રહસ્ય શું છે? તેણે જવાબ આપ્યો:“મેં મારા જીવનમાં સારા પુસ્તકોને મિત્ર બનાવ્યા હતા. પુસ્તકો મને રોજ થોડું વધુ સારો માણસ બનાવતા ગયા.” આ શબ્દ , સાહિત્ય અને પુસ્તકની સાચી શક્તિ છે.

**શબ્દોની તાકાત**

એક સારો શબ્દ નિરાશ માણસમાં આશા જગાવી શકે છે. એક પ્રેરણાદાયી લેખ કોઈનું આખું જીવન બદલી શકે છે. એક સુંદર પુસ્તક માણસને ખોટા માર્ગ પરથી સાચા માર્ગે દોરી શકે છે. તેથી જ કહેવાય છે કે તલવાર કરતાં કલમ વધુ શક્તિશાળી છે. કારણ કે તલવાર શરીરને જીતી શકે, પરંતુ શબ્દો હૃદયને જીતી લે છે.

**આજના યુગની જરૂરિયાત**

આજે લોકો કલાકો સુધી મોબાઈલ પર સમય પસાર કરે છે, પરંતુ પુસ્તક વાંચવા માટે થોડી મિનિટો પણ કાઢતા નથી. પરિણામે માહિતી તો ઘણી મળે છે, પરંતુ જ્ઞાન ઓછું મળે છે. માહિતી ક્ષણિક હોય છે, જ્યારે પુસ્તકમાંથી મળતું જ્ઞાન જીવનભર સાથ આપે છે. જે ઘરમાં પુસ્તકો હોય છે ત્યાં વિચારો જન્મે છે, સંસ્કારો વિકસે છે અને સંવાદ સમૃધ્ધ બને છે.

**સાહિત્યનું સાચું મહત્વ**

સાહિત્ય આપણને જીવન જીવવાની કળા શીખવે છે. તે દુઃખમાં ધીરજ, સુખમાં વિનમ્રતા, નિષ્ફળતામાં હિંમત અને સફળતામાં સંયમ શીખવે છે. સાચું સાહિત્ય માણસને માત્ર ભણેલ નહીં, પણ ગણેલ બનાવે છે.વ્યવહારિક નોલેજ આપે છે. સાહસ,સદભાવના, કરુણા,દયા,પ્રેમ,પરોપકાર જેવા વિષયના પ્રેરક પ્રસંગોના વાંચનની અસર વ્યક્તિના વાણી,વહેવાર અને વર્તનમાં જોવા મળે છે.

**અંતિમ સંદેશ**

જીવનમાં સંપત્તિ, સત્તા અને પ્રસિધ્ધિ સમય સાથે ઓછી થઈ શકે છે, પરંતુ વાંચનથી મળેલું જ્ઞાન ક્યારેય ઓછું થતું નથી. શબ્દો આપણું વ્યક્તિત્વ ઘડે છે, પુસ્તકો આપણો વિચાર વિસ્તાર કરે છે અને સાહિત્ય આપણું જીવન ઉજ્જવળ બનાવે છે. આથી, જીવનમાં જો સાચા મિત્રોની પસંદગી કરવી હોય તો સારા શબ્દો, ઉત્તમ સાહિત્ય અને શ્રેષ્ઠ પુસ્તકોને મિત્ર બનાવો. પછી જીવનના દ્વારે અજ્ઞાન, અંધકાર અને નકારાત્મકતા દસ્તક આપવાની હિંમત પણ નહીં કરે.

**“ઘરમાં પુસ્તક હોય તો એ માત્ર પુસ્તકાલય નથી બનતું, એ ઘર વિચાર, સંસ્કાર અને પ્રકાશનું મંદિર બની જાય છે. શબ્દોને મિત્ર બનાવો, સાહિત્યને માર્ગદર્શક બનાવો અને પુસ્તકોને જીવનસાથી બનાવો-જીવન પોતે જ સફળતાની નવી કથા લખી દેશે.”**

## :: તિખારો ::

**સમ ખાઇ, ખોટું બોલીને કે અંધારાંમાં રાખીને નિભાવાતા સંબંધો સ્વાર્થીપણાનાં હોય છે. અંતે આવા સંબંધો સંકોચાઈ જતા હોય છે. અંતે એક દિવસ આવી વ્યક્તિનો નાશ થતો હોય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતિ કાર્યો

વરસાદ શરૂ થયા પછી જો ૧૫ થી ૨૦ દિવસનો લાંબો વિરામ પડે, તો પાકને બચાવવા આંતરખેડ કરી જમીનનો ભેજ જાળવવો જરૂરી છે. આવા સમયે ટપક પધ્ધતિથી પૂરક પિયત આપવું અને પાક પર ૧% પોટેશિયમ નાઈટ્રેટ કે ૨% યુરિયાનો છંટકાવ કરવાથી ફાયદો થાય છે. વધુમાં, ખેડૂતોને પરંપરાગત પિયત છોડીને ટપક કે સ્પ્રિંકલર પધ્ધતિ અપનાવવા, મલ્ચિંગ દ્વારા ભેજ જાળવવા અને ખેત તલાવડી તથા બોર રિચાર્જ કરવા અનુરોધ કરાયો છે.

**હાલની પરીસ્થિતિમાં આંતર/ રીલે પાક પદ્ધતિથી ખેતીનું જોખમ ઘટાડીયે :**

● આપણા દેશમાં સુકી ખેતી હેઠળનો વિસ્તાર ઘણો વિશાળ છે.

● આ વિસ્તાર કુલ વાવેતર વિસ્તારના લગભગ ૭૩% જેટલો છે.

● ગુજરાત રાજ્યમાં કુલ ખેતીલાયક જમીન પૈકી ૭૮ % જેટલો વિસ્તાર વરસાદ ઉપર આધારીત છે.

● રાજયના સુકા અને અર્ધ સુકા વિસ્તારમાં વરસાદ ખુબજ ઓછો અને અનિયમિત પડે છે.

● બે વરસાદ વચ્ચેનો ગાળો લંબાવવાથી જમીનમાં ભેજની ખેંચના કારણે તથા પાકની ભેજની અછત સામે ટકી રહેવાની શકિત ઓછી હોવાના કારણે પાક નિષ્ફળ જાય છે.

● આવા સંજોગોમાં કોઈ એક જ પાકની ખેતી કરવી હિતાવહ નથી, જેથી એક કરતા વધારે પાકોને એક સાથે વાવવામાં આવે તો પાકને નિષ્ફળતા સામે રક્ષણ મળી રહે છે.

● આંતર પાક અથવા તો મિશ્ર પાક પધ્ધતિ દેશમાં સુકી ખેતી વિસ્તારમાં વર્ષોથી અપનાવવામાં આવતી પધ્ધતિ છે.

● આ પધ્ધતિમાં એક સાથે એકથી વધુ પાકો અલગ અલગ હારમાં અથવા તો મિશ્ર કરીને વાવવામાં આવે છે.

● જમીનની ફળદ્રુપતામાં સુધારો અને પાક નિષ્ફળતાના જોખમમાં ઘટાડો એ આ પધ્ધતિના બે મુખ્ય હેતુ છે.

● હાલના સંજોગોમાં ખેતીમાં યાંત્રીકરણના વધતા વ્યાપને કારણે ખેડૂતો આ પધ્ધતિ ઓછા પ્રમાણમાં અપનાવે છે પરંતુ વૈજ્ઞાનિક અભિગમ સાથે આ પધ્ધતિ ખેડૂતોમાં વધુને વધુ પ્રચલિત થાય તે જરૂરી છે.

● આંતર પાક અથવા તો મિશ્રપાક પધ્ધતિ દેશમાં સુકી ખેતી વિસ્તારમાં વર્ષોથી અપનાવવામાં આવતી પધ્ધતિ છે.

● આ પધ્ધતિમાં એક સાથે એકથી વધુ પાક નિષ્ફળતાના જોખમમાં ઘટાડો એ આ પધ્ધતિના બે મુખ્ય હેતુ છે.

● હાલના સંજોગોમાં ખેતીમાં યાંત્રિકરણના વધતા વ્યાપને કારણે ખેડૂતો આ પધ્ધતિ ઓછા પ્રમાણમાં અપનાવે છે પરંતુ વૈજ્ઞાનિક અભિગમ સાથે આ પધ્ધતિ ખેડૂતોમાં વધુને વધુ પ્રચલિત થાય તે જરૂરી છે.

આંતર પાક એટલે શું ? એક જ ખેતરમાં એકી સાથે એક કરતા વધુ પાકોની વાવેતરને મિશ્ર પાક પધ્ધતિ કહેવાય છે. આ મિશ્ર પાક પધ્ધતિ આપણા સુકા અને અર્ધ સુકા વિસ્તાર માટે ઘણી પ્રચલિત છે. મિશ્ર પાક પધ્ધતિ જુદી જુદી રીતે અપનાવી શકાય છે. જેમ કે, એક જ હારમાં જુદા જુદા પાકોના બીજ મિશ્ર કરીને વાવવા અથવા દરેક પાકનું વાવેતર જુદી જુદી હારમાં કરવું જે ને આપણે સામાન્ય રીતે આંતરપાક પધ્ધતિ કહીએ છીએ.

**આંતર પાક પદ્ધતિના લક્ષણો**

● આ પધ્ધતિમાં એક મુખ્ય પાક હોય છે. જયારે અન્ય ગૌણ પાક હોય છે.

● મુખ્ય પાક ઉપર ગૌણ પાક કરતા વધુ ધ્યાન આપવામાં આવે છે.

● મુખ્ય અને ગૌણ પાક વચ્ચે ખોરાક, પાણી અને પ્રકાશ માટે



**ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ**
**કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.**
**ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨**

બિલકુલ હરિફાઈ થતી નથી.

● ગૌણ પાકો ટુંકાગાળાના હોવાથી મુખ્ય પાક કરતા વહેલા પાકી જાય છે જેથી કાપણીમાં સરળતા રહે છે.

● મુખ્ય પાકો સામાન્ય રીતે ગૌણ પાકો કરતા વહેલા વાવવામાં આવે છે.

● આંતર પાક પધ્ધતિમાં મુખ્ય પાક, ગૌણ કરતા વધુ જગ્યા તથા મહત્વ પામે છે તેથી જે કાંઈ પણ માવજત કરવામાં આવે છે. તેનો લાભ ગૌણ પાકને મળે છે જેથી ગૌણ પાકમાં વધારાનો ખેતી ખર્ચ થતો નથી.

**આંતર પાક પધ્ધતિના ફાયદાઃ**

૧) એકમ વિસ્તારમાંથી એક જ સમયમાં વધુ ઉત્પાદન લઈ શકાય છે.

૨) વરસાદ આધારીત ખેતીમાં અછત સમયે પાક નિષ્ફળનું જોખમ ઘટાડી શકાય છે. જ્યારે પિયત ખેતીમાં પહોળા અંતરે વાવેતર કરેલ પાકોમાં શરૂઆતની ધીમી વૃધ્ધિ દરમ્યાન ટુંકાગાળાના આંતરપાક લઈ જમીન, ખાતર, પાણી અને મજુરોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે.

૩) બે કે વધુ પાકો ખેતરમાં જુદા જુદા વાવવા કરતા સાથે હારમાં વવાતા હોવાથી ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે.

૪)કઠોળ પાકોનો આંતરપાકમાં સમાવેશ કરવાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે.

૫)આંતરપાક પધ્ધતિમાં છીંછરા અને ઉંડા મૂળ વાળા પાકોનું વાવેતર કરવાથી જમીનમાં જુદા જુદા સ્તરમાં રહેલ ફળદ્રુપતાનો લાભ પાકને મળી રહે છે.

૬)જમીનના ઉપરના હવામાનનો સંપૂર્ણ ઉપયોગ.

૭) વર્ષ દરમ્યાન ખેડૂત પોતાની જીવન જરૂરીયાત માટે સમતોલ આહાર, શાકભાજી, ફળફળાદી તેમજ પશુઓનો ઘાંસચારો મેળવી શકે છે. **પોષણક્ષમ ન હોય ત્યારે આંતરપાકોમાંથી સારી આવક મેળવી સરેરાશ વધારે વળતર મેળવી શકાય છે.** ૮) આંતરપાક પધ્ધતિમાં અમુક પાકો જમીન ઉપર પથરાતા હોવાથી ખેતર લાંબો સમય ઢંકાયેલું રહે છે જેથી પવન અને પાણી વડે થતું જમીનનું ધોવાણ અને ભેજ ઉડી જતો અટકાવી શકાય છે.

૯) એક જ પાકનું વાવેતર કરવાથી વાવણી, નિંદામણ, કાપણી અને અન્ય ખેતકાર્યો એક જ સમયે કરવાના થાય છે આથી મજૂરોની અછતને લીધે ખેત કાર્યો સમયસર કરી શકાતા નથી.

૧૦) વરસો વરસ એક જ પાકનું વાવેતર કરવાથી રોગ, જીવાત અને નિંદણોના તેમજ જમીનની તંદુરસ્તીના પ્રશ્નો ઉદભવે છે જે આંતરપાક પધ્ધતિ અપનાવવાથી અમુક અંશે નિવારી શકાય છે.

૧૧) આંતરપાક પધ્ધતિથી આખા વર્ષ દરમ્યાન જુદા જુદા સમયે જુદા જુદા પાકોના ઉત્પાદનમાંથી સમયાંતરે થોડી થોડી આવક મેળવી શકાય છે.

૧૨) આખા વર્ષ દરમ્યાન વધુ માણસોને રોજગારીમળી રહે છે.

૧૩) રોગ, જીવાત, નિંદામણ અને પ્રાણીઓ દ્વારા ઉત્પાદનમાં થતો ઘટાડો ઓછો કરી શકાય છે.

૧૪) આંતરપાક પધ્ધતિથી પાક ફેરબદલીના બધા જ ફાયદાઓ મેળવી શકાય છે.

૧૫) જે તે વિસ્તારમાં મુખ્ય પાકના વેચાણ ભાવમાં વધઘટ થતી હોય છે. અમુક વરસે જયારે મુખ્ય પાકોના બજાર ભાવ પોષણક્ષમ ન હોય ત્યારે આંતરપાકો માંથી સારી આવક મેળવી સરેરાશ વધારે વળતર મેળવી શકાય છે.

**આંતરપાક પધ્ધતિની મર્યાદાઓ :** આંતરપાક પધ્ધતિના ઘણા જ ફાયદાઓ હોવા છતાં તેની પણ કેટલીક મર્યાદાઓ છે. જેના કારણે ખેડૂતો ઘણીવાર આંતરપાક પધ્ધતિ અપનાવી શકતા નથી.

● કાપણી વખતે પાક મિશ્ર થવાનો સંભવ રહે છે.

● જ્યાં ખેતીનું સંપૂર્ણ યાંત્રિકરણ થયેલું હોય ત્યાં આંતરપાક, ખેતીના કાર્યોમાં અડચણ પેદા કરે છે.

● બીજ ઉત્પાદન કાર્યક્રમમાં આંતરપાકથી બીજની ભૌતિક શુધ્ધતા જળવાતી નથી.

● અમુક રોગ / જીવાતોને ટકી રહેવા માટે અનુકુળ વાતાવરણ અને ખોરાક મળી રહે છે.

● ગરીબ અને અભણ ખેડૂતોને આ પધ્ધતિ અપનાવવામાં મુશ્કેલી પડે છે.



**આંતર પાકની પસંદગી વખતે ધ્યાનમાં રાખવાના મુદાઓ**

આપણે જયારે આંતર પાક પધ્ધતિ માટે જુદા જુદા આંતરપાકોની પસંદગી કરીએ ત્યારે નીચેના મુદાઓ ધ્યાનમાં રાખવા જોઈએ જેનાથી જમીન, ભેજ અને પોષક તત્વોનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકે અને જમીનની ફળદ્રુપતા પણ જળવાઈ રહે છે.

૧) આંતરપાકનો જીવનકાળ મુખ્ય પાકના આયુષ્ય કરતા વધારે અથવા ઓછો હોવો જોઈએ. એટલે કે પસંદ કરેલ પાકો પૈકી અમુક પાકો લાંબા ગાળાના અને અમુક પાકો ટુંકા ગાળાના હોવા જોઈએ.

૨) સામાન્ય અને છીછરા મૂળ કરતા ઉંડા મુળવાળા પાકો પસંદ કરવા જોઈએ.

૩) આંતર પાકની સ્ફુરણ શક્તિ અને શરુઆતનો વૃધ્ધિ દર ઝડપી હોવો જોઈએ જેથી નિંદામણને અવરોધી શકે.

૪) આંતરપાક મુખ્ય પાકની વૃધ્ધિને અવરોધ કરતો ન હોવો જોઈએ.

૫) આંતર પાક તરીકે મોટા ભાગે ઓછી ડાળીઓ અને ઓછો ઘેરાવો ધરાવતી જાતો પસંદ કરવા જોઈએ.

૬) ધાન્ય વર્ગ સાથે કઠોળ વર્ગના પાકો લેવા જોઈએ.

૭) આંતરપાકની પાણી તથા પોષક તત્વોની જરૂરીયાત ઓછી હોય તેવા પાકો પસંદ કરવા જોઈએ.

૮) ટુંકા ગાળાના પાકોની કાપણી સરળતાથી કરી શકાય તેવા હોવા જોઈએ.

**રીલે પાક પધ્ધતિ :**

રીલે આંતર પાક પધ્ધતિમાં વાવેતર કરેલ મુખ્ય પાક ૪૫ થી ૬૦ દિવસનો થાય અથવા પાક પાકવાની અવસ્થાએ હોય પરંતુ મુખ્ય પાકની કાપણી કર્યા પહેલા ઉભા પાકમાં બે હર વચ્ચે બીજા પાકનું વાવેતર કરવામાં આવે છે. આમ મુખ્ય પાકની હાજરીમાં બીજા પાકને તેજ જમીનમાંના ભેજનો ઉપયોગ કરવાના હેતુથી ઉગાડવામા આવતા પાકને રીલે પાક પધ્ધતિ કહેવાય છે. **રીલે પાક પધ્ધતિની ખાસિયતો :** ૧) એક પાક પાકવાની તૈયારીમાં હોય ત્યારે બીજો પાક વાવવામાં આવે છે.

૨) આ પધ્ધતિ હાલમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં મગફળી - તુવેર માટે અપનાવવામાં આવે છે. જેમાં વરસાદની શરૂઆત થયે મગફળીની વાવણી કરવામાં આવર છે અને મગફળી ૪૫ થી ૬૦ દિવસની થાય ત્યારે જો વેલડી મગફળી હોય તો ત્રણ હાર બાદ તુવેરની એક હાર (૩:૧) અને જો મગફળીની ઉભળી જાત હોય તો બે હારે તુવેરની એક હાર (૨:૧) ના પ્રમાણે વાવેતર કરવામાં આવે છે.

૩) મગફળી પાકતા તેને કાઢયા પછી આંતર ખેડ કરીને જમીન, તુવેરના પાકને અનુકુળ બનાવવામાં આવે છે.

**રીલે પાક પધ્ધતિના ફાયદા**

૧) જમીનમાં સંગ્રહાયેલ ભેજનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

૨) વધારે ખાતરનો ઉપયોગ કર્યા વગર વધારાનું ઉત્પાદન મળે છે જેથી પ્રથમ પાકને આપેલ ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે છે.

૩)મગફળી જમીનમાં નાઈટ્રોજન ઉમેરે છે જેનો ઉપયોગ પણ પાછલા તુવેરનો પાક ઉપયોગ કરે છે. ?

# મગફળી નિકાસમાં અડચણરૂપ આફ્લાટોક્સિન : કારણો, અસર અને સંકલિત વ્યવસ્થાપન



**ડો. ચિરાગકુમાર. એમ. ભાલીયા અને ઉર્જાભીમાણી**
**વરિષ્ઠ વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર)**
**૪૧૧, ત્રીજો માળ, પાકસંરક્ષણ વિભાગ,**
**આઈ. સી. એ. આર.- ભારતીય મગફળી**
**સંશોધન સંસ્થા, ઇવનગર રોડ**
**જુનાગઢ-૩૬૨ ૦૧૫**
**મોઃ ૯૧૦૬૭ ૭૩૮૦૬**

પાકના વિકાસ દરમિયાન જમીનમાં ભેજની અછત, અતિશય પાણીઅથવા પોષક તત્ત્વોની ઊણપ કે અસંતુલન સર્જાય ત્યારે છોડ નબળો બને છે. જેમાંફૂગ સરળતાથી સંક્રમણ કરીશકે છે.

● દાણા ભરાવાના તબક્કે પાણીની ખેંચ અથવા દુષ્કાળ, જમીનમાં ઓછો ભેજ અને ૩૦-૪૦° સે. જેટલું ઊંચું તાપમાન.

● આંતરખેડ, નીંદામણ, કરબ અથવા અન્ય ખેતી કામગીરી દરમિયાન ડોડવાને થતી ઈજાઓ ફૂગના પ્રવેશ માટે અનુકૂળ માર્ગ પૂરો પાડે છે.

● ઉધઈ, ડોડવા કોરી ખાતી ઈયળો તથા અન્ય જીવાતો દ્વારા થતા નુકસાનને કારણે ડોડવામાં ઘા પડે છે, જેના મારફતે ફૂગ સરળતાથી સંક્રમણ કરી શકે છે.

● સુકારો, થડ સડો, મૂળ સડો અને ડોડવા સડો જેવા રોગોથી નબળા પડેલા અથવા સુકાઈ ગયેલા છોડના ડોડવા પરફૂગનું આક્રમણ થવાની સંભાવના વધુ રહે છે.

● જમીનમાં રહેલા કૃમિ દ્વારા ડોડવા અને મૂળને થતું નુકસાન ફૂગના સંક્રમણ અને ત્યારબાદ આફલાટોક્સિનના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે.

● પાક સંપૂર્ણ પરિપક્વ થઈ ગયા પછીમોડી કાપણીથી, મગફળી ઉપાડતી વખતે ડોડવાને થતું યાંત્રિક નુકસાનથી, મગફળી ઉપાડતી વખતેકે પાથરા પર પડતા વરસાદથી તેમજ પરિપક્વ ડોડવા લાંબા સમય સુધી ખેતરમાં પડ્યા રહેવાથી ફૂગનું સંક્રમણ વધે છે અને આફલાટોક્સિન ઉત્પન્ન થવાની સંભાવના વધી જાય છે.

● ડોડવા અને દાણાને પૂરતા પ્રમાણમાં સુકવ્યા વગર સંગ્રહ કરવાથી, ભેજવાળી મગફળીનો સંગ્રહ કરવાથી, ગોડાઉનમાં હવાનું અપૂરતું પરિભ્રમણ, ઊંચું તાપમાન અને વધુ પડતા ભેજથી તેમજ જીવાતો અને ઉંદરો દ્વારા થતા નુકસાનથી ફૂગનો ચેપ લાગી શકે છે અને આફલાટોક્સિન પેદા થઈ શકે છે. આ તમામ પરિબળો મગફળીમાં આફલાટોક્સિન પેદા કરતી ફૂગના વિકાસને પ્રોત્સાહન આપે છે, જેના પરિણામે દાણામાં આફલાટોક્સિનનું પ્રમાણ વધે છે અને ગુણવત્તા, ખાદ્ય સુરક્ષા તથા નિકાસ ક્ષમતા પર પ્રતિકૂળ અસર પડે છે.

**અફલાટોક્સીનના નિયંત્રણ માટેના પગલાં :**

૧)વાવણી પહેલાની કામગીરી

● અગાઉના પાકના અવશેષો (ઠૂંઠા/જડિયા) અને નીંદણનો નાશ કરીખેતરને એકદમ ચોખ્ખુંરાખવું.

● ઉનાળામાં જમીનની ઊંડી (૮-૧૦ ઇંચ)ખેડ કરી જમીનને બરાબર તપવા દેવી. જેનાથી જમીનમાં રહેતીજીવાતોઅને ફૂગના અવશેષોનોનાશકરી શકાય છે.

● જો ઉપલબ્ધ હોય તો, હેક્ટર દીઠ ૫ થી ૧૦ ટન સારું કોહવાયેલું છાણિયું ખાતર અથવા કમ્પોસ્ટ ખાતરજમીનમાં નાખવું.જમીનમાં દીવેલાનો કે લીમડાનો ખોલ ૫૦૦કી.ગ્રા./ હેક્ટરનાં દરે વાવેતર સમયે ચાસમાં આપવો.

● વરસાદ આધારિત ખેતી પધ્ધતિમાં, વાવણી માટે 'જોડ હાર પધ્ધતિ' અપનાવીને બે હાર વચ્ચેપાણીના સંગ્રહનું આયોજન કરવું.

● ડુંગળી અથવા લસણજેવા પાક સાથે પાકની ફેરબદલી કરવી.

૨)વાવણી અને વાવણી પછીની કામગીરી

● ટૂંકા અથવા મધ્યમગાળામાં પાકતી મગફળીની જાતો પસંદ કરવી, જેથી પાક પાકવાનાસમયે સીઝનના અંતમાં આવતા દુષ્કાળ (પાણીની અછત)થી બચી શકાય. વાવણીના પંદર દિવસ પહેલાં પિયત આપીને અથવા ચોમાસાના શરૂઆતના વરસાદ સાથે વહેલી વાવણી કરવાથી સીઝનના અંતમાં થતી પાણીની ખેંચથી બચી શકાય છે.

● માત્ર તંદુરસ્ત અને ભરાવદાર દાણા જ વાવણી માટે પસંદકરવા.

● બીજને કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. ૨ ગ્રામપ્રતિ કિલોગ્રામ અથવા ટેબ્યુકોનેઝોલ૨% ડી.એસ. ૧.૨૫ ગ્રામ અથવા કાર્બેન્ડાઝીમ ૨૫%+મેન્કોઝેબ ૫૦% ડબલ્યુ. એસ. ૩ગ્રામ અથવા કાર્બોક્ષિન ૩૭.૫% + થાયરમ ૩૭.૫% ડબલ્યુ.એસ. ૩ગ્રામ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૮.૫%+હેક્ઝાકોનાઝોલ ૧.૫% એફ.એસ. ૨ મિલી દવાનો પટ આપીને વાવેતર કરવુ.

● જૈવિક નિયંત્રણ માટે બીજને ફરીથી ટ્રાઈકોડર્માહર્ઝિયાનમ અથવા ટ્રાઈકોડર્મા વીરીડીના પાવડરનો ૧૦ ગ્રામ પ્રતિકિલોગ્રામ બીજ દીઠ પટ આપી વાવેતર કરી શકાય.

● મગફળીમાં ફૂલ આવવાના તબક્કે હેક્ટર દીઠ ૪૦૦ થી ૫૦૦ કિગ્રા જીપ્સમ આપવું.

● ડોડવાનાં વિકાસની અવસ્થા સમયે અને ખાસ કરીને પાકનાં પાકવાના તબક્કે ઉધઈનું નિયંત્રણ કરવું અત્યંત જરૂરી છે. જે માટે યોગ્ય ઉધઈ નાશક દવાનો ઉપયોગ કરવો.

● જો પિયતની સગવડ હોય, તો સીઝનના અંતમાં કે જયારે પાણીની ખેંચ અનુભવાય ત્યારે પૂરક પિયતઆપીનેપાકને પાણીનીતંગીથી બચાવવું.

૩)કાપણી અને કાપણી પછીની કામગીરી

● પાક બરાબર પાકી જાય (પરિપક્વ થાય) ત્યારે જ તેની કાપણી (ઉપાડવી) કરવી.મગફળી પાકી ગઈ છે તેની સાચી ઓળખ એ છે કે તેનાં ડોડવાનાં ફોતરાની અંદરની સપાટી કાળી પડી જાય છે. (ક્રમશઃ)

# પ્રાકૃતિક કૃષિમાં બીજ સંસ્કાર માટે બીજામૃતનો મહત્વનો ફાળો




ખેડૂતોએ ખેતરમાં ખેડ કરીને નવા વાવેતરની તૈયારીઓ આરંભી દીધી છે. પ્રાકૃતિક કૃષિમાં બીજ સંસ્કાર માટે બીજામૃતનો મહત્વનો ફાળો છે. બીજામૃત સરળ રીતે ખેતર પર ઉપલબ્ધ દ્રવ્યોમાંથી બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ વાવણી પહેલા બીજને માવજત એટલે કે, પટ આપવા માટે થાય છે. બીજામૃતના ઉપયોગથી છોડના મૂળને જમીનજન્ય ફૂગ તથા અન્ય બીજજન્ય રોગો સામે રક્ષણ મળી રહે છે.

**બીજામૃત ખેતરમાં ઉપલબ્ધ દ્રવ્યોમાંથી બનાવી શકાય :-** બીજામૃત (૧૦૦ કિ.ગ્રા બીજ માટે) બનાવવા માટે દેશી ગાયનું તાજુ છાણ ૫ કિલો, ગૌ મૂત્ર ૫ લીટર, ચૂનો ૫૦ ગ્રામ, વડ નીચેની ૧ મુઠી માટીનો ઉપયોગ કરવો. સુતરાઉ કાપડમાં ૫ કિલો તાજુ છાણ લઈ પાણીમાં બોળવું જેથી દ્રાવ્ય તત્વો પાણીમાં ઓગળી જશે. બીજા એક વાસણમાં ૫૦ ગ્રામ ચૂનો ૧ લિટર પાણીમાં ૧૨-૧૬ કલાક પલાળવો, છાણના અદ્રાવ્ય તત્વોને સુતરાઉ કાપડને દબાવીને જુદા કરવા, છાણ વાળા દ્રાવણમાં ૫ લિટર ગૌ મૂત્ર, ૧ લિટર ચૂનાનું પાણી, ૫૦ ગ્રામ સજીવ માટી અને ૨૦ લિટર પાણી ઉમેરી ૧૨ થી ૧૬ કલાક સુધી મિશ્રણ રાખવું. આ મિશ્રણ દિવસમાં બે વખત હલાવવું. બાદમાં બીજ પર બીજામૃતની માવજત આપી બીજને છાયામાં સુકવવા અને ત્યારબાદ વાવવું. બીજામૃતના પટ આપવાથી બીજ વહેલા અને પ્રમાણમાં સારી રીતે ઉગી નીકળે છે. મૂળ ઝડપથી વધે છે. ઉલ્લેખનીય છે કે, ૧૦૦ કિલો બીજ માટે ૫૦ લિટર બીજામૃતની જરૂર પડે છે. **વાવણી પહેલા બિયારણને બીજામૃતનો પટ આપવાની રીત :-** ધાન્ય અને તેલીબીયા પાકો માટે - ચોખા, બાજરા, મકાઈ, જુવાર, તલ, અડસી વગેરે પૈકી જે વાવવું હોય તે બીજ પાથરીને બીજામૃતનો છંટકાવ કરવો ત્યારબાદ તેને હાથથી બરોબર મિશ્ર કરવું અને તડકા પાસેના છાયડામાં સુકવવુ. મગફળી અને **સોયાબીન માટે :-** આ બંને પાકની બહારની ફોતરી ખૂબ જ નરમ હોવાથી તેના બીજને પટ આપતી વખતે બીજામૃતને બદલે ઘન જીવામૃતનો ઉપયોગ ૧૦:૧ ના પ્રમાણમાં કરવો એટલે કે, ૧૦ કિ.ગ્રા બિયારણ હોય તો ૧ કિ.ગ્રા ઘન જીવામૃત ભેળવવું. **કંદમુળ માટે :-** બટાકા, હળદર, આદુ, કેળ કે શેરડીના વાવેતર માટે તેની કાતરી સુંડલામાં લઈ તેને બીજામૃતમાં ૩૦-૪૦ સેકન્ડ માટે ડુબાડીને કાઢ્યા બાદ વાવવું. **કઠોળ વર્ગના પાક માટે :-** મગ,મઠ, અડદ, તુવેર, ચોળા, વાલ, વટાણા વગેરે જેવા પાકમાં બજામૃતનો છંટકાવ કર્યા બાદ બે હાથોથી મસળવાને બદલે ફક્ત આંગળીઓ ફેરવી ધીરેથી ઉપર નીચે કરવું અને તડકા પાસેના છાયામાં સુકવવું. બીજામૃતથી બીજ સંસ્કારના અનેક ફાયદાઓ છે. તેનાથી પોષક તત્વોનું વ્યવસ્થાપન મજબૂત બને છે. જમીનજન્ય રોગ સામે રક્ષણ મળે છે. છોડમાં વૃધ્ધિવર્ધકનું કામ કરે છે. જમીનમાં સૂક્ષ્મ જીવાણુંની સંખ્યા વધે છે. બીજની સ્ફૂરણ શક્તિ વધે છે. અંતે પાક ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થાય છે.

**આલેખન - ધર્મેશ વાળા**

# હિમાચલના ચંબામાં અલ્ટો કાર નદીમાં ખાબકતાં, ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત

**દુર્ઘટના રાત્રિના અંધારામાં થઈ હોવાથી તાત્કાલિક મદદ ન થઈ શકી**





હિમાચલ પ્રદેશ,તા.૨૮

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના ચુરાહ સબડિવિઝનમાં નાકરોડ-હિમગિરી રોડ પર મોડી રાત્રે એક અલ્ટો કાર ચાલકે કાબૂ ગુમાવતાં કાર બૈરા સુલ નદીમાં ખાબકી હતી. આ ભયાનક અકસ્માતમાં કારમાં સવાર ચારેય મુસાફરોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં છે. આ દુર્ઘટના રાત્રિના અંધારામાં થઈ હોવાથી સ્થાનિક લોકોને તેની તાત્કાલિક જાણ થઈ શકી ન હતી.

રવિવારે સવારે જ્યારે સ્થાનિક લોકોએ નદીમાં વાહનનો કાટમાળ જોયો, ત્યારે પોલીસને ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતાં જ તીસા પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ વહીવટી અધિકારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. નદીના તેજ પ્રવાહને કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. પ્રાથમિક તપાસ મુજબ મૃતકો ચુરાહના ટિકરીગઢ પંચાયતના હોવાનું મનાય છે. હાલ પોલીસ મૃતદેહો બહાર કાઢી તેમની સત્તાવાર ઓળખ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

# સાવરકુંડલામાં ગટર લાઈનના કામ દરમિયાન ગેસ લાઈન લીકેજ થતા અફરાતફરી મચી

સાવરકુંડલા,તા.૨૮



તસવીર : સૌરભ દોશી

વિકાસના કામમાં સુરક્ષાના નિયમો નેવે મુકાતા સર્જાયેલી અફરાતફરી સાવરકુંડલાના જનતા બાગ નજીક જીયુડીસી દ્વારા ચાલી રહેલા ગટર લાઈનના કામ દરમિયાન જેસીબી ચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. ખોદકામ દરમિયાન ગુજરાત ગેસની મુખ્ય પાઈપલાઈન તૂટી જતાં જોરદાર અવાજ સાથે ગેસ લીકેજ શરૂ થયું હતું જેના લીધે સમગ્ર વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ગેસ લાઈનની સ્પષ્ટ માહિતી હોવા છતાં સુરક્ષાના માપદંડોની ઘોર અવગણના કરીને ખોદકામ ચાલુ રખાયું હતું જે વહીવટી તંત્રની ક્ષતિ દર્શાવે છે. ઘટનાની જાણ થતાં જ ગુજરાત ગેસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને સપ્લાય બંધ કરી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનમાં કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ બેદરકારીના કારણે આગ લાગી હોત તો મોટી હોનારત સર્જાઈ શકી હોત. સ્થાનિક રહીશોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ભવિષ્યમાં આવી ભૂલો ન થાય તે માટે જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે.

# જૂનાગઢના ખાંભા ગામે મૃતકોના નામે બોગસ મંડળી બનાવી ટેકાના ભાવે ખરીદીનું કૌભાંડ

જૂનાગઢ,તા.૨૮

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ખાંભા ગામેથી ગુજરાતના સહકારી ક્ષેત્રને કલંકિત કરતું એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. અહીં સ્થાનિક ખેડૂતો અને વર્ષ ૨૦૧૭માં મૃત્યુ પામેલા લોકોની નકલી સહીઓ કરીને કાગળ પર એક 'બોગસ સહકારી મંડળી' ઊભી કરવામાં આવી હતી. ગામના આશરે ૧૦૦ જેટલા ખેડૂતોની જાણ બહાર જ તેમના નામે દસ્તાવેજો બનાવી દેવાયા હતા. આ કૌભાંડના કેન્દ્રમાં ભાજપના કાર્યકર અને પૂર્વ તાલુકા પ્રમુખનું નામ સામે આવ્યું છે. આ નકલી મંડળી દ્વારા વર્ષ ૨૦૨૩થી સરકારની 'ટેકાના ભાવે ખરીદી' યોજનાનો ગેરલાભ લઈને લાખો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ ઘટનાનો ભાંડો ફૂટતાં જ ખેડૂતોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સ્થાનિકોએ આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે અને જો ન્યાયિક કાર્યવાહી નહીં થાય, તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# રાજસ્થાનના શ્રીગંગાનગરમાં ૧૩ વર્ષની સગીરા પર ૩૦થી વધુ નરાધમો દ્વારા સામૂહિક બળાત્કાર

શ્રી ગંગાનગર,તા.૨૮




રાજસ્થાનના શ્રીગંગાનગરમાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. અહીં એક ૧૩ વર્ષની સગીરાનું અપહરણ કરી તેને હોટેલ માલિકને વેચી દેવામાં આવી હતી. ત્યારબાદ પાંચ દિવસ સુધી વિવિધ હોટેલોમાં બંધક બનાવી ૩૦થી વધુ નરાધમોએ તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. પીડિતાને દારૂ પીવડાવી આ જઘન્ય ગુનો આચરવામાં આવ્યો હતો.

પોલીસે એફઆઈઆર નોંધીને આ ગુનાહિત સિન્ડિકેટમાં સામેલ અનેક હોટેલ માલિકો અને મેનેજરોની ધરપકડ કરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો છે અને ગેરકાયદેસર હોટેલો સીલ કરવાની માંગ ઉઠી છે. બીજી તરફ, વિપક્ષ કોંગ્રેસે કાયદો અને વ્યવસ્થાના મુદ્દે કલેક્ટર કચેરીએ પ્રદર્શન કર્યું હતું. ધારાસભ્ય રૂપિન્દર સિંહે ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા તમામ દોષિતોને ફાંસીની સજા આપવાની અને બેદરકાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

# સાઉદી અરેબિયામાં અરામકો કંપનીનું હેલિકોપ્ટર ક્રેશ: ૧૪ નાં મોત

ન્યૂ દિલ્હી,તા.૨૮



સાઉદી અરેબિયાના રાસ તનુરામાં રવિવારે સવારે એક મોટી વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની 'સાઉદી અરામકો'નું એક હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું હતું. સાઉદી પ્રેસ એજન્સી (SPA)ના જણાવ્યા અનુસાર, આ કમનસીબ દુર્ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર તમામ ૧૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે.સાઉદી ઉર્જા મંત્રાલયે પુષ્ટિ કરી છે કે મૃત્યુ પામેલા તમામ લોકો સાઉદી અરેબિયાના જ નાગરિકો હતા. હેલિકોપ્ટર કયા કારણોસર ક્રેશ થયું તે હજી સુધી જાણી શકાયું નથી. હાલમાં સંબંધિત અધિકારીઓ દ્વારા આ ગંભીર અકસ્માત પાછળના કારણો શોધવા માટે વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છે.

# તાલાલા-માધુપુર રોડ પર અકસ્માતમાં બહેનની નજર સામે ભાઈનો હાથ કપાયો

ગીર સોમનાથ,તા.૨૮



ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ગુંદરાણ ગામ નજીક આજે ૨૮ જૂનની સાંજે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો.

હિરણવેલ ગામથી ઉના તરફ બાઈક પર જઈ રહેલા ભાઈ-બહેનને સામેથી આવી રહેલી એક રિક્ષાએ જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં બંને ભાઈ-બહેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈકચાલક હરેશભાઈ ઉકાભાઈ બારૈયાનો એક હાથ ખભાના ભાગેથી કપાઈને રોડ પર પડી ગયો હતો અને ફેફસા દેખાઈ જાય તેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત તેમના પગ અને સાથળના ભાગે પણ ગંભીર ફ્રેક્ચર થયું છે. બહેનની નજર સામે જ ભાઈનો હાથ કપાઈ જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માતમાં બહેનને પણ હાડકાં તૂટવા સહિતની ગંભીર ઈજાઓ થતાં બંનેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા.

# ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં પોલીસ દ્વારા ૭ એન્કાઉન્ટર : બે ઈનામી બદમાશો ઠાર

ઉત્તર પ્રદેશ,તા.૨૮





ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પોલીસ અને એસટીએફ (STF) ટીમોએ ગુનેગારો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. લખનૌ, પીલીભીત, બહરાઈચ, અલીગઢ અને બુલંદશહર સહિતના જિલ્લાઓમાં થયેલા અલગ-અલગ એન્કાઉન્ટરમાં બે કુખ્યાત ગુનેગારો માર્યા ગયા છે, જ્યારે અનેક ઘાયલ બદમાશોની ધરપકડ કરાઈ છે.

લખનૌના ઈન્દિરા કેનાલ રોડ પર થયેલી અથડામણમાં પ્રખ્યાત બિલ્ડર સંદીપ સિંહની હત્યાનો મુખ્ય શૂટર અને રૂ.૧ લાખનો ઈનામી બદમાશ સંજય ઉર્ફે સંજીવ ઠાર થયો હતો. બીજી તરફ, પીલીભીતમાં પોલીસે પપ્પુ ગુપ્તા હત્યાકેસના મુખ્ય આરોપી અને રૂ.૧.૭૫ લાખનું ઈનામ ધરાવતા શિવમ ઉર્ફે સરબજીતને વળતા ગોળીબારમાં ઠાર કર્યો છે. આ ઉપરાંત બહરાઈચ, અલીગઢ અને બુલંદશહરમાં પણ પોલીસે બળાત્કાર અને ગૌહત્યાના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ ગુનેગારોને એન્કાઉન્ટર બાદ હથિયારો સાથે ઝડપી લીધા છે.

# કોડીનાર શહેરમાં મોહરમ પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી

કોડીનાર,તા.૨૮



કોડીનારમાં શહીદે કરબલા હઝરત ઈમામ હુસેનની યાદમાં મોહરમ પર્વની ભારે શાન-ઓ-શોકત સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર ગુજરાતમાં 'છોટેભાઈ' નામે મશહૂર ૩૨ ફૂટ લાંબા અને ૩ ટન વજન ધરાવતા કલાત્મક તાજીયા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કાદરી મસ્જીદ ચોક અને બુખારી મોહલ્લામાંથી નીકળેલા 'બડેભાઈ' અને 'છોટેભાઈ'તાજીયાના ઝુલુસમાં વિશાળ જનમેદની ઉમટી પડી હતી. શિઆ ઈસના અસરી સમાજ દ્વારા ગમગીન માતમ સાથે 'યા હુસેન'ના નારા લગાવવામાં આવ્યા હતા. હિન્દુ-મુસ્લિમ સમાજે સાથે મળીને સ્વાગત અને સબીલ વિતરણ કરતા અહીં કોમી એકતાનો અદભુત માહોલ જોવા મળ્યો હતો. અંતે આ તાજીયા મૂળદ્વારકાના દરિયામાં વિસર્જિત થયા હતા. ધારાસભ્ય અને શિક્ષણ મંત્રી પ્રદ્યુમનસિંહ વાંઝા સહિતના અગ્રણીઓએ મુસ્લિમ વિસ્તારોની મુલાકાત લીધી હતી. કાયદો-વ્યવસ્થા જાળવવા બદલ પોલીસ તંત્ર અને સફાઈ કામગીરી માટે નગરપાલિકાનો મુસ્લિમ સમાજના પ્રમુખ ભીખુમિયાં બાપુએ આભાર વ્યક્ત કર્યો હતો.

# કોડીનારની ભ.ભા. વિદ્યાલયમાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ' યોજાયો

કોડીનાર,તા.૨૮



કોડીનાર સ્થિત ભ.ભા. વિદ્યાલય ખાતે 'પ્રગતિનો પ્રવેશોત્સવ' કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગીર સોમનાથના પ્રાચાર્ય વી.એમ. પંપાણીયા, નગરપાલિકાના સભ્ય રવિભાઈ ડોડિયા, નારણભાઈ બારડ, પ્રકાશભાઈ ડોડિયા, રૂટ લાઈસન ઓફિસર સિંહલભાઈ ડોડિયા તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શિક્ષણ, શિસ્ત અને સંસ્કારના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય ડી.જી. રાઠોડે પ્રવેશોત્સવના હેતુ અંગે માહિતી આપી હતી. ધોરણ ૯માં ૨૮૫ અને ધોરણ ૧૧માં ૩૪૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. કાર્યક્રમમાં વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# રાજયમાં આગામી ૨ થી ૩ જુલાઈ દરમિયાન વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૨૮



ગુજરાતમાં આગામી દિવસોમાં ફરી વરસાદી માહોલ જામવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ૨ અને ૩ જુલાઈ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેને પગલે લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

ઉત્તર અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, પંચમહાલ અને દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી અને વલસાડ જિલ્લામાં વરસાદી ઝાપટાં પડી શકે છે.

આ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં પણ વરસાદની સંભાવના છે. ૧ જુલાઈના રોજ દરિયામાં તેજ પવન ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવાની અપીલ કરવામાં આવી છે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૩૦/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી સાંખટ વાલીબેન નાનજીભાઈ
સરનામું :- મુ.ભેરાઈ, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ભેરાઈ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ મુકામે ના શ્રી સાંખટ વાલીબેન નાનજીભાઈ તેમના પુત્ર નામે શ્રી સાંખટ ભીખાભાઈ નાનજીભાઈ નો જન્મ તા.૦૧/૧૧/૧૯૭૬ ના રોજ રાજુલા તાલુકાના ભેરાઈ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૮૦/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ચૌહાણ વિક્રમભાઈ વિનુભાઈ
સરનામું :- મુ.રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
ચીફ ઓફિસરશ્રી - નગરપાલિકા રાજુલા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના રાજુલા મુકામે ના શ્રી ચૌહાણ વિક્રમભાઈ વિનુભાઈ એ તેમના પુત્ર નામે શ્રી આયુષ વિક્રમભાઈ ચૌહાણ નો જન્મ તા.૧૦/૦૪/૨૦૧૯ ના રોજ રાજુલા તાલુકાના રાજુલા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ. બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૪૮/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી કાનાભાઈ હમીરભાઈ હડિયા
સરનામું :- મુ.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી કાનાભાઈ હમીરભાઈ હડિયા એ તેમના પિતા નામે હમીરભાઈ ભગવાનભાઈ હડિયાનું મરણ તા.૧૬/૦૫/૧૯૮૦ અને માતા નામે લક્ષ્મીબેન હમીરભાઈ હડિયાનું મરણ તા.૦૧/૦૬/૧૯૮૦ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૧૫૩/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ગોહિલ પ્રકાશભાઈ છગનભાઈ
સરનામું :- મુ.માંડળ, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - માંડળ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના માંડળ મુકામે ના શ્રી ગોહિલ પ્રકાશભાઈ છગનભાઈ એ તેમના ભાણેજ નામે શૈલેશકુમાર રામજીભાઈ સોલંકીનો જન્મ તા.૧૬/૦૫/૧૯૭૫ ના રોજ રાજુલા તાલુકાના માંડળ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી હિમતભાઈ બી. જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૧/૦૫/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# મધ્ય ગુજરાત

# 29th | 30th JUNE 2026

# ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

## કેન્દ્રિત ક્ષેત્રો

- સેમિકંડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ
- કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- ઑટો અને ઑટો કોમ્પોનન્ટ્સ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- એરોસ્પેસ અને ડિફેન્સ
- ટુરિઝમ અને કલ્ચર
- સ્ટાર્ટઅપ્સ અને MSMEs
- IT અને ITeS
- બાયોટેક
- ફાર્માસ્યુટિકલ્સ
- ફિનટૅક
- કૌશલ્ય વિકાસ
- એજ્યુકેશન

## કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- પેનલ ચર્ચાઓ
- B2B/B2G મીટિંગ્સ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- રિવર્સ બાયર-સેલર મીટ
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ઉદ્યમી મેળો
- સમાપન સત્ર
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- ટ્રેડ શો/પ્રદર્શન

ભવ્ય ઉદ્ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના**
વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી મનોહર લાલ**
માનનીય કેન્દ્રીય મંત્રી, વિદ્યુત, આવાસ અને શહેરી બાબતો, ભારત સરકાર

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

29 જૂન 2026, સોમવાર | સવારે 10:30 વાગે
GSFC યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન | 29 જૂનથી 3 જુલાઈ, 2026 | સવારે 10:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, UAE, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO, US-India, AMCHAM India, FEBI, IICCI, FINCHAM India, kotra, icbc, U.S.-India Business Council, UIBC, ACMA

લોકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઇવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat